

# ... શ્રી સ્વામિનારાયણ ગાદીસ્થાન તીર્થધામ જેતપુરનો મહિમા ...

સર્વાવતારી શ્રી સહજાનંદ સ્વામીનું ગાદીનું સ્થાન એટલે જેતપુરધામ...

સહજાનંદ સ્વામીએ પોતાના આશ્રિતોનાં દુઃખ નિવારણ માટે બે વરદાન માંગ્યા. તેથી વરદાનભૂમિ એટલે જેતપુરધામ... જેતપુરધામમાં શ્રી સહજાનંદ સ્વામીએ ગુરુદેવ રામાનંદ સ્વામીની આજ્ઞાથી સર્વપ્રથમ વખત રાજાધિરાજના વસ્ત્રાલંકારમાં સજ્જ થઈને પોતાના ભક્તોને રાજાધિરાજરૂપે પ્રથમ દર્શન આપ્યા. જેતપુરધામમાં સહજાનંદ સ્વામીનું સર્વ પ્રથમ વખત ષોડષોપચારવિધિથી મહાપૂજન કરવામાં આવ્યુ હતું. જેતપુરધામમાં સદ્. શ્રી રામાનંદ સ્વામીએ સહજાનંદ પ્રભુની આરતી માત્ર એક જ વખત અને સર્વ પ્રથમ આરતી ઉતારી.

**શ્રી હરિવરના આ ગાદીસ્થાન એવં વરદાન ભૂમિ જેતપુરધામમાં બિરાજતા દેવોનાં ૭૫મા વાર્ષિક પાટોત્સવ ''અમૃત મહોત્સવ'' ઉપક્રમે શ્રીજી મહારાજ જેતપુરમાં ગાદીએ બેઠા, વરદાનમાંગ્યા તથા જે જે લીલા કરી હોય તે તથા જેતપુરધામમાં થઈ ગયેલા મહાન સદ્ગુરુ સંતો તેમજ શ્રી હરિની પ્રસાદીની વસ્તુઓનો મહિમા વાચક વર્ગને સરળ રીતે સમજાય તે રીતે ટૂંકી વિગત આ અંકમાં સમાવવા પ્રયત્ન કર્યો છે.**



## જેતપુરમાં સત્સંગના મંડાણ....

જેતપુર ભાદર નદીને કિનારે વસેલું ગામ છે. તેની ગણના વાળા કાઠિના ગામ તરીકે થાય છે. આ શહેર સાથે વીર ચાપરાજ વાળાના વતન પ્રત્યેનો પ્રેમ અને પારણામાં જ તેના સંસ્કારની ગાથાઓ પ્રસિદ્ધ છે.

આ જેતપુર ગામની ચોતરફ પથ્થરનો મજબુત કિલ્લો અને બુરજ હતા. તેનાથી તે અતિશય શોભાયમાન લાગતું. રાજાનો સાત માળનો મહેલ સોહામણો લાગતો. જેતપુરના રાજા જૈતાવાળા અને મૂળુવાળા બન્ને ભાઈ હતા. તેઓ કાઠી દરબારોની જ્ઞાતિમાં શિરોમણી ગણાતા. જેટલો વાળાક પ્રદેશ કહેવાય છે તેટલામાં તેમનું રાજ્ય હતું. પ્રથમ તેઓ સત્સંગી ન હતા. તેમણે પોતાના રાજ્યમાં વફાદાર વ્યક્તિ તરીકે તેમના સગા માસીના દીકરા ઉન્નડ ખુમાણને જેતપુર તેડાવીને પોતાની પાસે રાખ્યા હતા. તેમને રહેવા માટે એક દરબાર આપ્યો હતો. આ ઉન્નડ ખુમાણ સાવરકુંડલા પંથકના હતા. તે રામાનંદ સ્વામીના શિષ્ય હતા. તેથી રામાનંદ સ્વામી જેતપુર પધારતા અને ઉન્નડ ખુમાણના દરબારમાં વારંવાર પધારતા અને સત્સંગનો લાભ આપતા. આ ઉન્નડ ખુમાણનાં બે જીવાઈદાર ખડુતો જીવા પટેલ અને ભાણા પટેલ હતા. આ બન્ને પટેલો ઉન્નડ ખુમાણના દરબારમાં જ ઓરડામાં રહેતા. (શ્રી હ.ચ.સા. પુ-૩, ત-૪૧)

સમય જતા સ્વામીના યોગમાં આવતા બીજા ભકતો અજરામરભાઈ તથા વામનજી ભટ્ટ વિગેરે પણ સત્સંગીઓ થયા હતા. આથી બધા સત્સંગીઓ મળીને સત્સંગનો લાભ લેવા અવાર નવાર સ્વામીશ્રીને જેતપુર બોલાવતા. સ્વામીશ્રી પણ ભક્તોની શ્રદ્ધાભાવના જોઈને જેતપુર પધારીને સત્સંગ-કથાવાર્તાનો લાભ આપવા રોકાતા. સ્વામીશ્રીના સમાગમથી તેમને સ્વામીશ્રી પ્રત્યે અનન્ય નિષ્ઠા થઈ હતી. આથી તેઓ વર્ષમાં એક બે વાર સ્વામીને બોલાવી સત્સંગનો લાભ લેતા.

## શ્રી હરિનું જેતપુરમાં સર્વ પ્રથમ આગમન અને ભીમ એકાદશીનો ઉત્સવ...

(૧) સં.૧૮૫૭માં પીપલાણામાં સ્વામીશ્રીએ નિલકંઠવર્ણીને ભાગવતી દીક્ષા આપ્યા બાદ પોતાનું સંત મંડળ લઈને ગામડાંઓ ફરતા સાંકળી થઈને જેતપુર પધાર્યા. ત્યાં ઉગમણા બારના સદાવ્રતના ઓરડામાં ઉતર્યા. શ્રી હરિ પ્રથમ વખત જેતપુર પધાર્યા હતા. સહજાનંદ સ્વામી યોગક્રિયા દ્વારા સર્વને આશ્ચર્યચકિત કરતા હતા. ભીમ એકાદશી અને જેઠી પૂનમ જળયાત્રાનો ઉત્સવ રામાનંદસ્વામીએ જેતપુર કર્યા.

*બંધિયે થઈ ખોખરી આવ્યા, સાંકળી જેતપર સિધાવ્યા; ભીમ એકાદશી કરી ત્યાય, રીઝયા હરિજન સૌ મનમાય.*
*જેઠી પૂનમ જે કહેવાય, જળયાત્રાનો ઉત્સવ થાય; કર્યો ઉત્સવ તે તહા ઠરી, સત્તાવન તણી સાલ ઉતરી.*

(શ્રી હ.લી ક.-૪ વિ-૧૮)

પછી અષાઢી ૧૮૫૮ના અષાઢ માસમાં ભાડેર પધાર્યા ત્યાં દેવશયની એકાદશીનો ઉત્સવ ભાડેરમાં કર્યો અને ત્યાંથી રામાનંદસ્વામી મંડળ સહિત ધોરાજી આવ્યા. ત્યાં એક દિવસ રોકાઈને ફરી જેતપુર આવ્યા. તે વખતે પણ ઉગમણા બારના ઓરડામાં ઊતર્યા હતા. જેતપુરમાં શ્રી રામાનંદ સ્વામી એકાદ દિવસ રોકાઈને ત્યાંથી સાંકળી પધાર્યા.

# જેતપુરમાં સદાવ્રતનો પ્રારંભ.....

સોરઠ, કચ્છ, ઝાલાવાડ, ભાલ, ગુજરાત વગેરે પ્રદેશોમાં અનેક જ્ઞાતિના અનેક લોકો સ્વામીશ્રીના શિષ્યો થયા હતા. તેમાં જુદા જુદા પ્રદેશમાં સ્વામીશ્રીએ ૧૬થી વધારે સદાવ્રતો ચાલુ કર્યા હતા. તે પૈકી જેતપુરમાં પણ રામાનંદ સ્વામીએ સદાવ્રત શરૂ કર્યુ હતુ.

એક વખત રામાનંદ સ્વામી જેતપુર પધાર્યા. થોડા દિવસ ત્યાં રોકાઈને હરિભક્તો કથાવાર્તાનો લાભ આપીને એક દિવસ હરિભક્તોને વાત કરી : "શાસ્ત્રમાં અન્નદાનનું ઘણું જ મહત્ત્વ કહ્યું છે. તમો બધા અમારી આજ્ઞાથી અન્ન, ધન, વસ્ત્રોનું દાન તો કરો જ છો. એ દાનનો તમારા જ ગામમાં તમારા હાથથી વ્યવસ્થિત સદુપયોગ થાય અને આ ગામમાં આવનાર નિરાધાર અતિથિઓ તથા યાત્રિકોને જમવાનું ભોજન મળતું રહે એવી મારી ઈચ્છા છે. જો તમો બધાનો અનુકૂળતા હોય તો આપણે આ ગામમાં સદાવ્રત શરૂ કરીએ." સાંભળીને જેતપુરના સ્વામીશ્રીની વાત હરિભક્તોએ કહ્યું : "ભલે, સ્વામી ! આપ આજ્ઞા અને માર્ગદર્શન આપો એટલે અમો સદાવ્રત શરૂ કરીએ."



સ્વામીશ્રીની વાતથી ભાણાભાઈ કાપડીયાએ મનમાં વિચાર્યું કે " જો અહીં સદાવ્રત શરુ કરે તો મને દરબારશ્રી તરફથી પાંચ મકાનની સગવડ મળી છે. તેમાંથી એક મકાન સ્વામીશ્રીને આપીએ. આવો વિચાર કરીને તેમણે દરબારશ્રીની અનુમતિ લઈ તથા ઘરના સભ્યોની સંમતિ લઈને સ્વામીશ્રી પાસે આવીને વાત કરી : " સ્વામી ! આપની કૃપાથી દરબારશ્રી ઉનડવાળા તરફથી મને પાંચ ઓરડા અને વિશાળ ફળિયું મળેલ છે. તેમાંથી ઉગમણા બારના જે બે ઓરડા છે તે પૈકીનો એક ઓરડો સદાવ્રત માટે આપને હું આપુ છું. માટે આપ ઉગમણાબારના ઓરડાનો ઉપયોગ સદાવ્રત માટે કરો". ભાણાભાઈની આવી ઉદારભાવના જોઈને સ્વામીશ્રી તેમની ઉપર ખૂબ જ પ્રસન્ન થયા. ભાણાભાઈ સદાવ્રત માટે એક ઓરડો આપે છે તે વાત સર્વે સંત હરિભકતોને કહી. હરિભક્તો કહે : "સ્વામી ! આ ભાણાભાઈએ ઓરડો આપ્યો તો અમે સર્વે અનાજ, લોટ,ઘી, તેલ વગેરે લાવીએ અને આપના વરદ્હસ્તે જ સદાવ્રતની શુભ શરુઆત કરો." સ્વામી કહે : "ભલે તમે સર્વે સીધુ–સામાન લાવો." આથી સર્વે હરિભકતો સીધુ–સામાન લાવ્યા અને સ્વામીશ્રીએ પોતે જ પોતાના હાથથી જ સદાવ્રતની શુભ શરૂઆત કરી. આમ સ્વામીએ ભાણાભાઈની જગ્યા આપવાની ઉદારતા અને હરિભક્તોના ઉત્સાહથી સદાવ્રત શરૂ કર્યુ.

અ.સં. ૧૮૫૮ના આસો માસમાં શ્રી રામાનંદસ્વામી પોતાના ત્યાગી શિષ્યો સાથે બંધીયા ગામે હતા. તેથી ઉન્નડ રાજાએ સ્વામીશ્રીને તેડાવવા પત્ર લખી માણસને બંધીયા મોકલ્યો.

રાજા ઉન્નડ જેતપુર તણા, તેણે લખી રુડી પેર;
રામાનંદને તેડાવિયા, અતિ આગ્રહથી નિજઘેર.
અશ્વિન શુકલ ચતુર્દશી, અઠાવનની તે કહેવાય;
મોવીએ થઈ જેતપુર, ગયા રામાનંદ ગુરુરાય.
ભાણા કાપડિયા કણબીને, ઘેર રહ્યા તે રુડી પેર;
ઉગમણે બરા ઓરડામાં, ઉતર્યા કરીને મહેર.
આથમણી બારી પડે છે, ઓરડામાં જે ઠામ;
ત્યાં બેસીને ભોજન કર્યુ, રામાનંદ ને શ્રી ઘનશ્યામ.

બપોરે ભોજન કર્યા બાદ કથા–વાર્તા કરી એ વખતે રામાનંદસ્વામીએ હરિભક્તોને કહ્યું : "આવતી કાલે શરદપૂર્ણિમા છે. માટે આપણે અહીં કાલે સાંજે શરદપૂર્ણિમા ઉત્સવ કરીએ તો સારું કારણકે ભગવાનના ભક્તોએ ભગવાનના સંબંધવાળા દરેક ઉત્સવો કરવા એ વો શાસ્ત્રનો નિયમ છે." હરિભક્તો કહે, 'સ્વામી ! બહું સારું આપ કહો છો તેમ કાલે આપણે ઉત્સવ કરીએ પછી રામાનંદ સ્વામીની આજ્ઞાથી હરિભક્તોએ સ્વામીશ્રી અને શ્રીહરિની સાથે શરદપૂર્ણિમાનો ઉત્સવ કર્યો.




# ધર્મધૂરા સોપવાની વિચારણા.....

શરદ ઉત્સવ કર્યા પછી સ્વામીશ્રીએ વિચાર કર્યો કે આ સંપ્રદાયની ધૂરા કોને સોપી ગાદીએ બેસાડવા. સ્વામીશ્રીના મનમાં તો સહજાનંદ સ્વામીને ગાદી સોપવાની વાત નક્કી જ હતી. છતાં મુખ્ય સંતો અને આગેવાન હરિભક્તોને બોલાવી તેમના વિચાર જાણવાનું નક્કી કર્યુ. પછી સ્વામીએ સંતો અને હરિભક્તોને પોતાની પાસે બોલાવ્યા.

**''બીજે દિવસે રામાનંદ સ્વામી, પોતાને મન આનંદ પામી; સંત હરિજન મુખ્ય બોલાવ્યા, મુક્તાનંદ આદિક સહુ આવ્યા.**
**રામદાસજીભાઈ વિરક્ત, કારિયાણી તણા માંચો ભક્ત; ભીમભાઈ ને પરવતભાઈ, આવ્યા ભટ્ટ મયારામ ત્યાંઈ.**
**મે'તા નરસિંહ જે હરિજન, માંગરોળના ગોવરધન; ઈત્યાદિકને કહે ગુરુ એહ, હવે વૃદ્ધ થયો મુજ દેહ.**
**માટે સત્સંગની ધુર સારી કેને સોપુ કહો તે વિચારી; બોલ્યા સૌ તે કરીને વિચાર, ધુરયોગ્ય છે ધર્મ કુમાર.''**

પછી સ્વામીશ્રીએ તેમના વિચાર જાણી કહ્યુ : ''મારો પણ એ જ અભિપ્રાય છે. મારા હૃદયમાં જે વાત હતી તે જ વાત આજ તમે સર્વેએ કરી. પછી રામાનંદ સ્વામીએ સહજાનંદ પ્રભુમાં જે પંચાવન ગુણ હતા તે સર્વેની આગળ કહી બતાવ્યા. પછી સ્વામીએ કહ્યુ : ''હુ તો માત્ર ડુગડુગીનો વગાડનાર છીએ અને ખેલ ભજવનાર તો આ સહજાનંદ સ્વામી છે. તે અનાદિના અકળ રહ્યા છે. માટે તે કોઈના કળ્યામાં આવે એવા નથી. આ સાંભળી મુક્તાનંદ સ્વામી આદિક સંતો બહુ રાજી થયા પણ રઘુનાથદાસથી આ સહન થયુ નહિ. તેથી તે ઉપાધિ કરવા લાગ્યો. આથી સ્વામીશ્રીએ કહ્યુ : ''આ રઘુનાથ ઉપાધિ કરશે. તેને સત્સંગમાં રહે તેટલી વાર રાખજો,







|| સકળ સુગુણવંત સંત એવા, નથી જગમાં નિલકંઠવર્ણી જેવા; ||
|| પરમ ધરમધુર્ધરે સદાય, ગુણ ગણતા અતિ યોગ્ય એ જણાય. ||

પછી પોતાના સ્વભાવથી જ સત્સંગમાંથી નીકળી જશે. હવે અમે આ સહજાનંદ સ્વામીને ગાદી સોંપવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય સાંભળતા જ સહજાનંદ સ્વામીનો જયઘોષ થવા લાગ્યો. દેવતાઓ પણ અતિ પ્રસન્ન થયા. અક્ષરમુક્તો પણ આ નિર્ણયથી રાજી રાજી થયા.

પરંતુ સહજાનંદ સ્વામીએ શિષ્યત્વભાવ અને નિર્માનીપણે ગુરુદેવને પ્રાર્થના કરી : ''ગુરુદેવ ! ધન અને સ્ત્રીનો પ્રસંગ વધે તેને શાસ્ત્રમાં બંધનકારી કહ્યો છે. માટે મારુ મન તેનાથી ડરે છે.'' સહજાનંદ સ્વામીની આ વાત સાંભળી સ્વામીશ્રીએ કહ્યુ : ''હે નારાયણ મુનિ ! તમારી વિના બીજા કોઈ ધર્મની ધુરા સંભાળી શકે એવા તમારા જેવા સમર્થ નથી. હજારો નરનારી કે સુવર્ણના અંબર તમને બંધન કરી શકે તેમ નથી. તમે આકાશની પેઠે નિર્લેપ છો.''

**''હોય સુવર્ણના જો અંબાર, હોય નારી હજારો હજાર;**
**તોય તમને બંધન ન થાય, તમે તો નિર્લેપ સદાય.**
**નારાયણ તમે છો નિરધાર, તમને તો નડે ન વિકાર,**
**સ્વામીના શબ્દો સાંભળી એવા, કહી હા હરિએ ધુર લેવા.''**

સ્વામીના શબ્દો સાંભળી હરિએ ધુરા સંભાળવાની હા કહી. આ સાંભળી રામાનંદ સ્વામી અત્યંત રાજી થયા. પછી સ્વામીએ યોગ્ય મૂહુર્ત જોવા જોશીને બોલાવ્યા. તેમણે કારતક સુદ-૧૧ પ્રબોધિનીનું મૂહુર્ત આપ્યુ. પછી પટ્ટાભિષેક મહોત્સવની તૈયારી કરાવવા માંડી. સર્વ પ્રથમ સ્વામીએ આ મહોત્સવની જાણ કરવા કંકોત્રીઓ લખાવી.





## પટ્ટાભિષેકની પત્રિકા

કંકુ ઘોળી લખાવી કંકોતરી, વસે હરિજન દેશ વિદેશ
અવસર રૂડો આવિયો...
નામ ઠામ ને ગામ લખાવિયા, વળી ઉપમા લખાવી વિશેષ.... અવસર૦
હરિભક્ત ભલા બાઈભાઈઓ, બાળ તરૂણ વળી વૃદ્ધ જેહ.... અવસર૦
જેની લગની લાગી છે શ્રીકૃષ્ણમાં, તમે સહુ જન જાણજો તેહ.... અવસર૦
જેતપરથી લખે રામાનંદજી, વાંચો અચળ અમારી આશિષ.... અવસર૦
એક સારા સમાચાર જાણજો, આજ ત્રુઠિયા અક્ષર ઈશ.... અવસર૦
નારાયણમુનિ જેહનું નામ છે, જેમાં ઉત્તમ ગુણ છે અપાર.... અવસર૦
તેને સત્સંગની શુભ ગાદીનો, અમે આપશું સૌ અધિકાર.... અવસર૦
જ્યા વિક્રમ સંવત અઢારસે, અઠાવનની સાલ વિખ્યાત.... અવસર૦
તિથિ કારતક સુદી એકાદશી, આવ્યુ મૂહુર્ત અતિ અવદાત.... અવસર૦
સહ કુટુંબ તમે સર્વ આવજો, સગા સ્નેહી લાવજો સંગ.... અવસર૦
એ છે ઉત્સવ ઉત્તમ સર્વથી, એ છે ઉત્તમ સૌથી ઉમંગ.... અવસર૦
સ્વર્ગલોકથી સુર સર્વ આવશે, વળી ઈન્દ્ર ઈન્દ્રાણી સહિત.... અવસર૦
બ્રહ્મા સાવિત્રિ પણ સત્યલોકથી, આવશે ધરી પૂરણ પ્રીત.... અવસર૦
શૈલ કૈલાસથી શંભુ આવશે, સાથે લાવશે ગૌરી ગણેશ.... અવસર૦
નિજ પત્નિયો સહિત પધારશે, શશી શેષ ધનેશ દિનેશ.... અવસર૦
સનકાદિક મુનિ સહુ મળી, આવશે ધરી હૈયામાં હેત.... અવસર૦
મહામુક્ત જે અક્ષરધામના, આવશે સર્વ શક્તિ સમેત.... અવસર૦
નિધિનવ ને અષ્ટ મહાસિદ્ધિ, તે તો આવશે પ્રગટ પ્રમાણ.... અવસર૦
મૂર્તિમાન ચારે વેદ આવીને, અતિ કરશે ઉત્સવના વખાણ.... અવસર૦
પત્ર વાંચીને તમે તરત આવજો, ઘડી એકની કરશો ન વાર.... અવસર૦
તમે આવ્યે મંડપ સારો શોભશે, તમો આવ્યે આનંદ અપાર.... અવસર૦
લખ્યુ થોડું ઘણું કરી માનજો, તમે છો સર્વ બુદ્ધિ વિશાળ.... અવસર૦
તમો ઉપર હ્રદયમાં રીઝશે, વા'લો વિશ્વવિહારીલાલ.... અવસર૦



સંવત ૧૮૫૮ કારતક સુદ ૧૧ (તા. ૧૬–૧૧–૧૮૦૧)ના પ્રબોધિના પવિત્ર દિવસે જેતપુરમાં ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને ધર્મનીધુરા સોપી ગાદીએ બેસાડયા. પછી સહજાનંદ સ્વામીને વિવિધ વસ્ત્રો અને આભુષણો પહેરાવ્યા અને  આરતી ઉતારી. પછી સર્વને સહજાનંદ સ્વામીનો મહિમા કહ્યો હતો.





## શ્રી હરિનો પટ્ટાભિષેક મહોત્સવ

પ્રબોધિના પ્રાતઃ સમયમાં શ્રી સહજાનંદ સ્વામી, ગુરુદેવ, મુક્તાનંદ સ્વામી, મુકુંદ વર્ણી, મયારામ ભટ્ટ તથા મોટા મોટા રાય અને રાણાની સાથે ભદ્રાવતી ગંગામાં ન્હાવા સિધાવ્યા. ત્યાં નદીમાં સ્નાન કરતા ઉન્નડબાપુને શેષનારાયણ રૂપે દર્શન આપી ભગવાનપણાનો નિશ્ચય કરાવ્યો.



## રામાનંદ સ્વામીનો ઉપદેશ

બધા ભક્તોએ ભેટ અર્પણ કર્યા પછી સ્વામીશ્રીએ તાળી વગાડીને સંતો તથા ગૃહસ્થોને સંબોધન કરી ઉપદેશ આપતા કહ્યુ : "અમે જે કહેતા હતા કે ઈશ્વર આવવાના છે તે આ વર્ણી આવી ગયા છે અને તે બહુ સમર્થ છે. અમે તેમને સંપ્રદાયની ધુરા સોપીને સહુના સ્વામી બનાવ્યા છે. માટે તમે તેમની આજ્ઞામાં રહેજો, તેમની સેવા કરજો. તેઓ મારા કરતા પણ સમર્થ છે, ગુણવાન છે તથા કલ્યાણના દાતા છે, અધમ ઉદ્ધારણ છે. મુકતાનંદ સ્વામીને આજ્ઞા કરતા કહ્યુ : "તમે જે કીર્તન કે ગ્રંથ કરો તેમાં તેમનો મહિમા લખજો." મુકુંદ વર્ણીને કહ્યુ : " તમે તેમની સેવામાં રહેજો, સદાય સમીપે રહેજો પણ છેટે જરાય ખસશો નહિ." સહુએ સ્વામીના ઉપદેશને વધાવી સહજાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવાનું વચન આપ્યુ. પછી સહુએ રાત્રે જાગરણ કર્યુ. દ્વાદશીના દિવસે વિપ્રોને ભોજન કરાવ્યા અને દાન અપાવ્યા. પછી સંતો હરિભક્તોને જમાડયા.. પૂનમ સુધી સહુ ભક્તો તથા સંઘ રોકાયા.



## પટ્ટાભિષેક મહોત્સવમાં હરિવરને વિવિધ ભેટ અર્પણ

જેતપુરના ઉન્નડરાય–મૂળુવાળા *(ઉત્તમ વસ્ત્રો અને મૂલ્યવાન મોતીમાળા)* ગોંડલના સરસેનાધિપતિ હઠીભાઈ *(આભૂષણોથી શણગારેલો ઘોડો)* માણાવદરના નવાબ ગજનફરખાન *(પૃથ્વીનું દાન)* માંગરોળના નવાબ વજરુદીનખાન *(બળદ સહિત રથ)* માણાવદરના મયારામ તથા ગોવિંદરામ ભટ્ટ *(વેદના ચાર પુસ્તક)* પીપલાણાના નરસિંહ મહેતા *(પીતાંબર તથા પૂજાના પાત્ર)* અગત્રાયના પર્વતભાઈ તથા ભીમભાઈ *(વસ્ત્ર, બળદ અને ગાયો)* ભુજના સુંદરજી, હિરજી, નારાયણજી, દેવરામ, અજરામર *(ખુરશી–પલંગ પેટી–પટારા)* કારિયાણીના માંચા ખાચર *(કીનખાપની તળાઈ તથા રજાઈ)* સરધારના તોંગોજી તથા વેરાજી *(ઘર આપ્યુ)* અમદાવાદના નથુ ભટ્ટ વિગેરેએ *(કીનખાપની ડગલી તથા સુરવાળ)* ધમડકાના રાયધણજી *(અશ્વ)* ભાદરાના મૂળજી તથા સુંદરજી શર્મા *(એક ગાય)* શેખપાટના લાલજી સુથાર *(ડામચિયો (મંજૂસ)* પંચાળાના ઝીણાભાઈ *(સોનેરી કિંમતી પાઘ)* મેથાણના કાકાભાઈ તથા પૂંજાજી *(રૂપિયા ભરીને રૂપાનો થાળ)* મછિયાવના બાપુભાઈ *(હેમ જડિત હિંડોળો)* બંધિયાના મૂળુભાઈ તથા સુરાજી *(લાયક વસ્તુ)* જાળિયાના હિરાભા *(અનાજના ઢગલા કર્યા)* માણાવદરના ઘાચી *(અત્તરની શીશી)* ગોંડળના શેખજી *(ઘર અર્પણ કર્યા)* કુંડળના હાથૈયો, મામૈયો અને રામ પટગીર *(વિવિધ ભેટ)* લાકડીયાના પ્રેમજી ઠક્કર *(શેલુ બંધાવ્યુ)* મોડાના અજા સોની *(વેઢ)* મેવાસાના ઈન્દ્રજીત વ્યાસ *(પુષ્પની માળા)*

# સભામાં રામાનંદ સ્વામીએ જેતપુરનો મહિમા સ્વમુખે કહ્યો.



સભામધ્યે રામાનંદ સ્વામી, કહે સૌ જનને મુદ પામી;
મહિમા જેતપુરનો જેહ, તમે સાંભળો સૌ ધરી સ્નેહ.
છપૈયા વિશે જન્મ્યા હરિ, પીપળાણા માંહી દીક્ષા ધરી;
જેતપુરમાં પામ્યા પટ્ટાદાન, માટે ત્રણેનો મહિમા સમાન.
જ્યારે જન્મ્યા છપૈયે ગામ, પડયુ નામ તહા ઘનશ્યામ;
પીપળાણામાં દીક્ષા લીધી, સહજાનંદ નામ સંજ્ઞા કીધી.
જેતપુર મોટુ તીર્થ જેવું, નહિ કાશી કે કેદાર તેવું;
કરે તીર્થ જો ધરી પ્યાર, થાય અધમનો આહીં ઉદ્ધાર.
સતસંગી વસે જેહ દૂર, એકવાર તો આવે જરૂર;
ભદ્રા ગંગાનો મહિમા મોટો, ગંગા ગોમતીનો તેથી છોટો
જેમાં નાયા જગત આધાર, અમે નાયા એમાં ઘણીવાર;
નાયા હરિજન સંત સમાજ, થયું તેથી આ તો તીર્થરાજ.
આહીં શ્રદ્ધાથી શ્રાદ્ધ જે કરશે, ઘણા પૂર્વજ તેના ઉદ્ધરશે;
કરી સ્નાનને કરશે દાન,
તેનું ફળ થશે મેરુ સમાન.
જમાડે આંહિ બ્રાહ્મણ સંત, ફળ એનું તો થાય અનંત;
જપ તપ વ્રત અહીં કરાય, તેના સિદ્ધ મનોરથ થાય.
કરે તીરથ એક ઉપવાસ, ફળ તો ઉપવાસ પચાસ;
સંપ્રદાયનું મૂળ આ સ્થાન, એમ સમજે જન જે મતિમાન.
મહિમા ઉચ્ચરી એવી રીતે, પછી શ્રીજી પ્રત્યે બોલ્યા પ્રીતે;

આમ રામાનંદ સ્વામીએ હરિવરને ગાદીએ બેસાડી પછી વિચાર કર્યો કે હવે દુર્વાસાના શાપથી નરતનુ ધારી જે કામ કરવાનું હતું તે પૂર્ણ થઈ ગયુ છે. હવે આ દેહ છોડી ભગવદ્ ધામમાં જવું. આમ સ્વામીએ નિરધાર કરી સહજાનંદ સ્વામી તથા સંતોની સાથે ફરેણી પધાર્યા. ત્યાં સ્વામીએ માગશર સુદ ૧૩ ને ગુરૂવારના દિવસે હરિવરના દર્શન અને સ્મરણ કરતા ધામમાં સિધાવ્યા.





# દિવ્ય વરદાનની માંગણી


રામાનંદ સ્વામીએ હરિવર પ્રત્યે બોલ્યા : ''હે નારાયણ મુનિ ! તમે મારી આજ્ઞાનું પાલન કરી ધર્મની ગાદી પર બેઠા. માટે તમારા ઉપર હું પ્રસન્ન થયો છુ તો તમે તમારી ઈચ્છામાં આવે તે મારી પાસેથી વરદાન માગો.

ગુરૂદેવના આ વચન સાંભળી નારાયણમુનિ બોલ્યા : ''હે સ્વામી ! જો તમો મને વરદાન માંગવાનું કહેતા હો અને વરદાન માગવા યોગ્ય હોઉ તો મને ઈચ્છિત વરદાન આપો.''

''આ લોકમાં અંતકાળે મનુષ્યોને અગણિત વીંછીઓના ડંખની પીડા થાય છે તે દુ:ખ તમારા આશ્રિતોને થવાનું હોય તે મને થાઓ અને ભક્તો તે તમામ દુ:ખોથી રહિત થાય. તથા આ પૃથ્વીમાં તમોને આશરીને શ્રીકૃષ્ણને ભજતા ભકતો, પોતે કરેલા કર્મોને આધિન હોવાથી કયારેયપણ ભોગવવા યોગ્ય અન્નાદિકનું ઘણું દુ:ખ થાય તે સર્વે દુ:ખ મને આવો પરંતું તેઓને દુ:ખ ન થાઓ.''

(સત્સંગિજીવન પ્ર.-૧, અ.-૫૯)

સ્વયં સહજાનંદ સ્વામી આ પ્રસંગને યાદ કરતા વચનામૃતમાં કહે છે : ''અમે રામાનંદ સ્વામી પાસે માગી લીધુ છે, 'તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુ:ખ થવાનું હોય તે મને એક એક રૂંવાડે કોટિકોટિ વીંછીનું દુ:ખ થાઓ. પણ તમારા સત્સંગીને તે થાઓ નહિ અને તમારા સતસંગીને પ્રારબ્ધમાં રામપતર લખ્યુ હોય તે રામપતર મને આવે, પણ તમારા સત્સંગી અન્નવસ્ત્રે કરીને દુ:ખી ન થાવ. એ બે વર મને આપો.'' એમ રામાનંદ સ્વામી પાસે માગ્યુ ત્યારે મને શ્રી રામાનંદ સ્વામીએ રાજી થઈને એ વર આપ્યો છે. (વચનામૃત ગ.પ્ર.પ્ર-૭૦)



# રાજાની પ્રાર્થનાથી શ્રીહરિ પુરમાં પધાર્યા....

અખિલ ભુવનપતિ રાજા ધિરાજ બનીને ઘોડે ચડી ગુંદાળાથી જેતપુર પધાર્યા. સોનેરી વસ્ત્ર પહેર્યા હતા. શ્રી હરિવર જેતપુર ગામથી ઉત્તર દિશામાં ભાદરગંગામાં જ્યાં પાણી ઉછળીને ધોધના રૂપમાં વહેતું હતું ત્યાં મુકતાનંદ સ્વામી આદિ સંતોને લઈને શ્રી હરિવર ગયા. અજાણ્યા પાણીમાં ધ્યાન રાખીને રાખવાની સહુને સાવધાની આપી.

સ્નાન કર્યા પછી બધા સોનેરી વસ્ત્ર પહેર્યા અને શ્રી હરિવર રંગ લહેરી બન્યા. ભાદરનો તે કિનારો ઘણો સુંદર હતો. તેમાં શ્યામ મણિ જેવા વિશાળ પથ્થર ઘણા હતા. શ્રી હરિવરે તેમાં શ્યામ પથ્થરની મોટી ખડકી દેખી. તે ઉંચાઈમાં સહુથી વધારે હતી. બધાને દર્શન દેવા માટે શ્રી હરિવર તેના ઉપર ચઢીને બેઠા. તે સમયે સમાચાર સાંભળી જેતપુરના હરિભક્તો સામા આવ્યા. તેમાં વિપ્રોમાં વામન ભટ્ટ, અજરામર, જેરામ અને જીવાભાઈ, વેલુબાઈ, દેવબાઈ, પુતળીબાઈ અને પાર્વતીબાઈ હતા. કણબી પટેલમાં ભગવાન, ડુંગર, ભાણો, માવજી અને અજુબાઈ હતા. સુથારમાં ઠાકરશી, આંબાભાઈ, માનુબાઈ, અમરબાઈ અને રબીબાઈ હતા. તે બધા શ્રી હરિવરની પાસે આવી અપાર પ્રેમભાવથી ચરણોમાં પડયા અને તે સહુ હરિભક્તોના મનમાં ઘણા આનંદોલ્લાસ થયો.તેઓએ ફૂલના હાર લાવ્યા હતા શ્રી હરિવરને મોટા દેવ માનીને પહેરાવ્યા અને મેવા અર્પણ કર્યા. શ્રી હરિએ નદીને કિનારે વસેલ જેતપુરની પ્રશંસા કરી.

આ સમયે ઉન્નડ બાપુ તથા રાજા જૈતાવાળા અને મૂળુવાળા શ્રી હરિ જ્યા બેઠા હતા ત્યાં આવ્યા. શ્રીફળના થાળ ભરીને લાવ્યા હતા તે અર્પણ કરીને પગે લાગ્યા. હરિવરે તેમને પોતાની પાસે બેસાડયા. પછી બન્ને હાથ જોડીને તેઓ શ્રી હરિવર પાસે બોલ્યા : 'આજ અમારા ભાગ્ય છે કે અમને સહેજે આપના દર્શન થયા. અમે તો અધમ અને મહાપાપી છીએ. તેને લીધે અમને સહેજે આપના દર્શન ક્યારેય થાય નહિ. આપનું નામ અધમ ઉદ્ધારણ છે. તે આપે આજે સત્ય કર્યુ છે. આપે દયા કરીને દર્શન આપ્યા તેથી અમારા બધા કાર્ય સફળ થઈ ગયા. અમારા દિલમાં ઘણા દિવસથી આપના દર્શનની અભિલાષા હતી. તે આજે આપે પૂરી કરી છે. તો હવે અમારો ઉદ્ધાર કરવા અમારી બાહ્ય ગ્રહણ કરો. આપ તો અનાથના નાથ છો તો આપના દાસની અરજ સાંભળો. અમે હાથ જોડીને કહીએ છીએ તો આપ પુરનાલોકોના હિતને માટે પુરમાં પધારો. મૂઢ લોકો આપના પ્રતાપને જાણતા નથી. તેમના બધા પાપ આપના દર્શનથી બળી જશે. શ્રી હરિવરે રાજા (દરબાર)ના હૃદયનો શુદ્ધ ભાવ જોયો એટલે હસીને પુરમાં જવા તૈયાર થયા ત્યારે દરબારે પોતાની સવારી બોલાવી અને ડંકા, નિશાન અને બધા ભારે વાજિંત્ર મંગાવ્યા. અશ્વ સોનેરી સાજથી શણગારેલો હતો અને સોનેરી વસ્ત્રો તથા ઘરેણાથી શોભતો હતો. શ્રી હરિવર તૈયાર થયા હતા. સહુ એક સમયે ઘોડેશ્વાર થયા. આગળના ભાગમાં ચોપદાર નેકી પોકારતો હતો. અનંત પ્રકારાના વાજિંત્રો વાગવા લાગ્યા. ભક્તો મંગળમય ધોળ રાગના કીર્તનો ઝાંઝ, મૃદંગ સાથે આનંદોલ્લાસથી ગાતા હતા. જ્યારે જેતપુર શહેરના દરવાજે પહોંચ્યા ત્યારે આરબોની (યવનની) એક ટૂકડી સામે આવી. તે દૂર રહીને શ્રી હરિવરને પગે લાગ્યા. તેઓ કમર ઉપર રાખેલા જમૈયા અને છરાને એકબાજૂ નાખીને પોતાની ભાષામાં બોલતા બોલતા શ્રી હરિવરની આગળ નાચવા લાગ્યા. શ્રી હરિવરને વાજતે ગાજતે જેતપુરમાં પોતાના ભવનમાં રાજાએ પધરાવ્યા. રસોઈ તૈયાર કરીને હરિવર અને સહુને જમાડયા.

દરબાર હાથ જોડીને બોલ્યા : 'હે હરે ! આપ અમારી એક વિનંતી સાંભળો. આ જેતપુર આપની ગાદીનું ગામ છે અને રામાનંદ સ્વામીનું આ સ્થાન છે તો આ સ્થાનને ખાલી (શુન્ય) ન કરવું જોઈએ. આપે અહિંયા આવતા રહેવું જોઈએ. દર વર્ષે તો આપે અહિંયા ચાહીને આવવું જ જોઈએ. સ્વામી ! આ દરબારગઢ તો આપનો જ છે. હે અંતર્યામી ! આપ અહિંયા અખંડ રહો.' તે સાંભળીને શ્રી સહજાનંદ સ્વામીએ તેમને કહ્યુ : 'દરબાર ! મારી વાત સાંભળો તમે બધા ઘણા રજોગુણી ગણાઓ. અમે બધા સાધુ અને તમે રાજા. તમે લોકો અમારી મર્યાદા રાખી શકો નહિ એટલે અમારો અને તમારો તાન મળે નહિ અને તાલમેળ આવ્યા સિવાય જ્ઞાન કયાંથી થાય ? અમારા પુરનું નામ ધર્મપુર છે. ધર્મની ગાદીથી અમે દૂર ન રહીએ, દ્રઢ નિયમ તે ધર્મપુરનો કોટ મોટો કિલ્લો છે તેનો પાયો પાતાળ સુધી છે. તે નિયમરૂપ કિલ્લાને દ્રઢપણે ધર્મપુરની ચારેબાજૂ દ્રઢ બનાવ્યો વધાર્યો છે. તે કિલ્લો ચારેધામ સુધી પહોળો છે. ઊંચાઈમાં અષ્ટ આવરણથી પરે છે. તે કિલ્લો ચારેય ધામની વચ્ચેના આકાશમાં અમારોમહેલ છે. સત્સંગીરૂપી અમારો દેશ છે. અમે તેનું રાજ્ય કરીએ છીએ. તે દેશમાં જઈને અમે મુમુક્ષજનોને ઉપદેશ કરીએ છીએ. આમ શ્રી હરિએ ઘણા ઉપદેશની વાતો કરી. જે અહિં ટૂંકમાં લીધી છે.

(પુર –૩ તરંગ–૪૧ પાના–૬૪૯)

જ્યારે હરિવર જેતપુર બિરાજતા હતા ત્યારે શ્રીનગર (અમદાવાદ)થી રઘુનાથદાસે જે ઉપાધિ કરી તે પત્ર લખીને મોકલ્યો હતો. તે પત્ર મુક્તાનંદ સ્વામી વગેરે સંતોને વંચાવ્યો અને રામદાસભાઇને પત્ર લખીને ત્યાગીને વર્તવાની રીત બતાવી હતી. પત્ર લઇ આવનાર ગણપતરામ વિપ્રની પીઠ થાબડી તેમના ઉપર રાજી થાયા હતા અને લાવેલા પેંડા તેમને પ્રસાદીરૂપે પાછા આપ્યા હતા.

# રાજાને મુક્તાનંદ સ્વામીનો ઉપદેશ તથા સમાધિ દેખાડી...



કૃપાળુ શ્રી હરિવર બોલ્યા : 'દરબાર ! તમે મારી વાત સાંભળો. આ મુકતાનંદ સ્વામી દયાળુ છે. તેઓ જે કહે તેને તમે સાંભળો. મહામુનિ મુક્તાનંદ સ્વામી શ્રી હરિવરના મહિમાને સમજતા હતા તે કહેવા લાગ્યા. દરબાર ! બાપુ ! હવે સાંભળો. દ્રષ્ટાંત સાથે સિદ્ધાન્તની વાત કહુ છુ. દ્રષ્ટાંત સિવાય વાતમાં બંધ બેસે નહિ. ઘડા બે જાતના છે. એક માટીનો અને બીજો ધાતુનો. તેમ જીવ પણ બે પ્રકારના છે. એક દૈવી જીવ અને બીજા આસુરી જીવ. ધાતુનો ઘડો દૈવી જીવ છે અને માટીનો ઘડો આસુરી જીવ છે. આમ સ્વામીએ બન્નેના લક્ષણ વિસ્તારથી સમજાવ્યા.

મુક્તાનંદ સ્વામીનું એ છેલ્લુ વાકય સાંભળીને તે વેળાએ દરબાર ફરીને બોલ્યા : 'મારાથી કાઈ અપરાધ થયો હોય તો માફ કરજો. હુ તો આપનો શિષ્ય થઈને પૂછુ છુ. આપના ગુરુ તો રામાનંદ સ્વામી હતા. આપ મસ્તક ઝુકાવીને તેમના શિષ્ય થયા હતા. હજી આજ સુધી તેના તે જ ગુરુ છે કે તેનો તમે ત્યાગ કરી દીધો છે ? ત્યારે મુક્તાનંદ સ્વામીએ તેમને કહ્યુ : 'દરબાર મારુ વચન સાંભળો તમને શાસ્ત્રનું જ્ઞાન નથી, પણ બુદ્ધિનું માન ઝાઝુ છે. હું તમને ગુરુ દત્તાત્રેયની વાત કહુ છુ તે બધા શાસ્ત્રમાં અને જગતમાં પ્રસિદ્ધ છે. તે વીર પુરુષે ભગવાનના સ્વરૂપમાં પોતાના ચિત્તને સ્થિર કરવા માટે ૨૪ ગુરૂઓ કર્યા હતા. ખરા પરમ્ ગુરુ તો શ્રી કૃષ્ણ ભગવાન એક જ છે. તેમની જ એક ટેક રાખવી જોઈએ. અને જ્ઞાન ગુરુઓતો અનંત છે, અપાર છે જેનો કહેતા પાર આવતો નથી. પછી સ્વામીએ છ પ્રકારના ગુરૂની વાત કરી કહ્યુ : ''રામાનંદ સ્વામીએ અમને પરમ ગુરુ શ્રી સહજાનંદ સ્વામીને બતાવી દીધા છે કે અમે તેમના ચરણોમાં લપટાય–જોડાયને રહ્યા છીએ. એક પરમ ગુરુ સહજાનંદ સ્વામી અમને મળી ગયા છે. એટલે અમારા યોગ, યજ્ઞ, જપ, તીર્થ, તપ, વ્રત વગેરે અનેક સાધનો–બધા સાધનો પરિપૂર્ણ થઈ ગયા છે. શ્રી સહજાનંદ સ્વામી પરમ ચિંતામણી છે. તે અમને મળી ગયા છે. તેઓ પરથી પણ પર જે છે તેનાથી પણ પર છે કે જેનાથી બીજુ કોઈ પર નથી. દરબાર ! જે સહુથી પર મહાન છે જેને સહુ કોઈ પર કહે છે તેને સમજો જાણો તેમાં અચલ પદ મેળવવું તે જ ખરી સમાધિ છે.

સદ્‌ગુરુ શ્રી મુકતાનંદ સ્વામી જ્યારે આવી વાત કહી રહ્યા હતા. ત્યાં દસ, વીસ માણસોને સમાધિ થઈ તે કેટલાક બ્રહ્મમહોલમાં ગયા તો કેટલાક ગોલોકમાં ગયા, કોઈ વૈકુંઠમાં ગયા, કોઈ બ્રહ્માના લોકમાં ગયા તો કોઈ કૈલાસમાં ગયા, કોઈ ઈન્દ્રની પાસે સ્વર્ગમાં જઈને બેઠા. કોઈએ શ્વેતદ્વિપ ધામમાં જઈને નિષ્કામભાવે નિરન્નમુકતના દર્શન કર્યા. તો કોઈકે બદ્રિકાશ્રમમાં જઈને નરનારાયણ ભગવાનના દર્શન કર્યા. કોઈએ ક્ષીર સમુદ્રમાં જઈને ભુમા પુરુષના દર્શન કર્યા. તો કોઈ પાતાળમાં જઈને અનંત મુખવાળા શેષજીના દર્શન કર્યા. કોઈ તો સૂર્યને ચંદ્રના લોકા સુધી પહોચ્યા. કોઈએ શિશીમાર ચક્રની રચનાને દેખી, કોઈ સુજ્ઞ લોકોએ મેરુ પર્વત ઉપરના દેવસ્થાનના દર્શન કર્યા. કોઈએ તો ખગોળની રચનાને દેખીને પાછા આવ્યા પછી તેની વાતોને કહી. કોઈએ તો ભુગોળની રચનાને જોઈ આવી વાત કહી. જે જે લોક જેવા કહેવાતા હોય તે તે લોકોની તેવી વાતો કહી. અંતર્યામી શ્રી હરિવર એક એક સમાધિવાળાને ઉઠાડીને પૂછવા લાગ્યા. ત્યારે જેણે જેવું જોયુ હોય તેવી તે વાતોને કહેવા લાગ્યા.

તે વાતો સાંભળીને દરબારના મનમાં આશ્ચર્ય થયુ. તેઓ હરેકની પાસે આવીને કહેવા લાગ્યા કે આવો પ્રતાપ અમે કયાંય જોયો નથી આ સમાધિની વાત સત્ય જ છે તે કયારેય ખોટી ન હોય શકે. આવી સાક્ષાત્ અનુભવેલી વાતોને જે ખોટી કહે તે તો અસુર હોય તો જ બોલે અનંત અવતારો થઈ ગયા છે તેને આપણે ક્યારેય જોયા નથી. પરંતુ સૌથી બળવાન કારણ તો આપ શ્રી હરિવર છો. તે આ સમયે અમે આપને જોયા છે. અમારા ધન્યભાગ્ય છે કે આપ અત્યારે પ્રકટ થયા છો અને અમારા આ સ્થાનને પણ ધન્ય છે કે આપ અહિં સુધી ચાલીને પધાર્યા છો.

## સૂરા ખાચરે રમૂજમાં દેહના સંબંધીની વાત કરી

જેતપુરમાં રાજાએ પોતાના ભવનમાં પધરાવ્યા પછી શ્રી હરિ સુંદર રસોઈ તૈયાર થતા સાકરનો શીરો, પુરી, ભજીયા, વિવિધ પ્રકારના શાક, ભાજી, પાપડ, દૂધભાત વિગેરે જમ્યા. પ્રસાદી દરબારને આપી. જમી રહ્યા પછી શ્રી હરિ સહુ જમવા બેઠા હતા ત્યાં આવ્યા અને બાજોઠ ઉપર બેઠા. જેને જમવામાં જેવી અને જેટલી રુચી હતી તેવું અને તેટલું પીરસાવતા હતા. ત્યારે સૂરા ખાચર મરમમાં એમ બોલતા, મહારાજ ! આ સમે આપ અહિં ન આવ્યા હોત તો અમે ભૂખ્યા જ ઉઠત. આપની મૂર્તિ દેખીને મનમાં એટલો ઉલ્લાસ થાય છે કે આપ જ્યારે પાસે હોવ છો ત્યારે બમણું જમી જવાય છે. હવે અમે જ્યારે ઘેર જઈશું ત્યારે ભૂખે મરીને બેહાલ થઈ જઈશું. તમે અમારા ઉપર જેવો ભાવ રાખો છો તેવો ભાવ ઘરના મનુષ્ય રાખતા નથી. જમતી વેળાએ કોઈ એવું કુવેણ બોલે ને કે મોઢામાં રહેલું અન્ન ગળા હેઠું ઊતરે નહિ. બધા સંસારીની આવી રીત છે, છતાં હેત ટળતું નથી. આવી ઘણી દેહ અને દેહના સંબંધીમાં રહેલ હેતની તથા સંસારની રીતની વાત કરી.

# દિવ્યરૂપે રામાનંદ સ્વામી જેતપુરમાં.....



શ્રી હરિ ગોંડળથી નીકળી જેતપુર પધાર્યા. જ્યાં સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ સ્નાન કર્યુ હતુ. તે ભાદર નદી કહેતા ભદ્રાવતી નદીને પાસે આવ્યા. ત્યાં શ્રી હરિવરને સદ્‌ગુરુ રામાનંદ સ્વામી સાક્ષાત્‌ મૂર્તિમાન દેખાયા. તેથી અશ્વ પરથી નીચે ઊતર્યા અને તેમના ચરણોમાં પડયા. રામાનંદ સ્વામીનો વેષ અદ્‌ભુત હતો. શરીરે વિભૂતિ લગાવી હતી. બીજા કોઈ ઓળખી શકયા નહિ. શ્રી હરિવરને જોઈને તેઓ ઘણા ખુશ થયા. તેમણે શ્રી હરિવરને કહ્યુ : 'હુ તમારા દર્શન કરવા આવ્યો છુ. ભક્તોના મનોરથોને પૂરા કરવા માટે તમે સત્સંગમાં કઈ રીતે વિચરી રહ્યા છો ? હું તે જોવા આવ્યો છુ.પછી રામાનંદ સ્વામીએ શ્રી હરિના સત્સંગ વિચરણ નિહાળીને તેમની પ્રશંસા કરીને પોતાની પ્રસન્નતા બતાવી. પછી ઘણા જ હેતથી શ્રી હરિના ચરણોમાં પડયા. પછી તેઓ શ્રી હરિના ગુણ ગાતા ગાતા ગિરનાર તરફ ચાલતા થયા. બીજા લોકોએ દેખ્યા ખરા, પણ કોઈએ ઓળખ્યા નહિ. પછી શ્રી હરિ અને સંતો ભકતો સાથે ભાદર નદીમાં સ્નાન કર્યુ. જેતપુરના રાજા અને હરિભકતોને સમાચાર મળતા જ સવારી લઈને સન્મુખ આવ્યા અને જેતપુરમાં પધરાવ્યા.




## ભાદર ગંગામાં સંતો અને હરિભક્તોના ગુણની પ્રશંસા કરતા શ્રીહરિ....

દશેરાના દિવસે પ્રાતઃ સમયમાં શ્રી હરિ સહુ સંતો હરિભક્તો સાથે ભાદર નદીએ ગયા. જ્યાં આત્માનંદ સ્વામી અને રામાનંદ સ્વામી બન્નેએ સ્નાન કર્યુ હતુ ત્યાં આવીને ઉતારો કર્યો. પછી શૌચ (જંગલ) જઈ આવ્યા. હાથપગ ધોઈને દાંતણ કર્યુ પછી પરમ પ્રવિણ શ્રી હરિવર સ્નાન કરવા ગયા. જળપ્રવાહના ઉપરવાસના ભાગમાં શ્રી હરિવર અત્યંત આનંદથી સ્નાન કરવા બેઠા. તેવખતે ભાઈ રામદાસ સ્વામી અને મુકતાનંદ સ્વામી બન્ને શ્રી હરિવરના અંગ ચોળીને આનંદથી સ્નાન કરાવતા હતા. બ્રહ્માનંદ સ્વામી ચરણાર્વિંદને ચોળતા હતા. બ્રહ્માનંદ સ્વામીની સામે જોઈને શ્રી હરિવર હસવા લાગ્યા. તમે ક્યારેય સેવા કરી નથી હવે શિખવાથી કાઈ આવડે નહિ. ' સ્વામી ભાઈ રામદાસજી સેવા કરવામાં ઘણા જ ચતુર છે. લક્ષ્મીજી કરતા પણ સેવામાં વધારે નિપુણ છે. તે રીતે જ અમારી સેવા કરવામાં ઘણા જ પ્રવિણ મુક્તાનંદ સ્વામી છે. એ બેમાં એક રામદાસ સ્વામી ઘણા વૃદ્ધ છે અને બીજા મુક્તાનંદ સ્વામીને ગુરુ માન્યા છે એટલે બેમાંથી એકેયને સેવા કરવા દેવાય નહિ. સરળ ચિત્તવાળા નિર્માની, ક્રિયામાં ઘણા નિપુણ, કોઈની પણ ગુપ્ત વાત જાહેરમાં નહિ કહેનારા, સમગ્ર હરિભક્તોના દાસ થઈને રહેનારા, ખાવાપીવાની કોઈપણ વસ્તુ હોય તે બીજાને આપ્યા વિના નહિ ખાનારા, આવા જે સેવક હોય તેનો ઉપર અમને વધારે ભાવ હોય. બીજા કોઈનું પણ કામ હોય તેને નહિ બગાડનારા, પોતાની સેવા કોઈ કરે કે ના કરે તેની સાથે દ્વેષ નહિ બાંધનારા એવા એક જ અમારા સેવક વર્ણી મુકુંદાનંદ છે. અમારા સેવક ઘણા છે.

## જીવુબાના ગુણની પ્રશંસા....

સત્સંગી બાઈઓમાં જીવુબાના સમાન દાસભાવે રહેનારા બીજા કોઈ હરિભક્ત નથી. તેમને કોઈપણના ઉપર ઈર્ષા કે અભાવ નથી. ભગવાનના ભક્તના ઉપર અત્યંત પ્રેમભાવ રાખે છે. ઘરમાં કોઈપણ સારી વસ્તુ હોય ભક્તને માટે તરત જ તેઓ આપી દે છે. જેટલી વસ્તુ ભક્તના ઉપયોગમાં આવે તેટલુ તેઓ ઘણુ મોટુ ભાગ્ય માને છે. જે કોઈ વસ્તુ ભક્તોના ઉપયોગમાં ન આવે ત્યારે તેઓ મનમાં અત્યંત દુર્ભાગ્ય માને છે. આવો સ્વભાવ મનુષ્યોનો ન કહેવાય. પરમ લક્ષ્મીરુપ છે. કોઈ હરિભક્ત પોતાનું બધુ જ કામ બગાડી નાખે છતાં તેના ઉપર તેઓ કયારેય ક્રોધ કરતા નથી. અમે તેમનું અપાર અપમાન કરીએ છીએ છતાં તેઓ કયારેય તેઓ લગાર પણ તપતા નથી. કોઈ વખતે કોઈને દેખીને અમે તપી જઈએ છીએ છતાં તેઓ એકધારી શાંતવૃત્તિ રાખે છે. પરમેશ્વરને રાજી કરવા માટે તત્પર રહેનારામાં તેમના સમાન આજે બીજો કોઈ નથી. જેટલા મોટેરા સંતો છે, તેઓ બધા જ જીવુબાના સ્વભાવ જેવી સાધુતા શીખવા પ્રયત્ન કરે છે. છતાં પણ કોઈમાં આવી સાધુતા આવતી નથી. રાધિકાજી અને લક્ષ્મીજીના જેવી અનંત દેવીઓ તેમના જેવી સાધુતા શીખવા અનંત યુગોથી પ્રયાસ કરી રહી છે છતા હજી સુધી કોઈમાં એવી સાધુતા આવી નથી. સત્સંગીઓનું હિત કરવા માટે અમે બધા સત્સંગમાં ફરતા રહીએ છીએ પણ જીવુબાની સાધુતા (સદ્‌ગુણ)ને જોઈને તેઓ ભુલાતા નથી. હુ સાધુનો દાસ છુ છતા કયારેય કોઈના ઉપર કયારેય રીસ કરુ છુ અને વઢુ પણ છુ. તે વિચાર્યા પછી ઉદાસ થઈ જાવ છુ. મારી તે ઉદાસીનતા ક્ષણિક હોય છે.





## દશેરાનો ઉત્સવ

દશેરાનો દિવસ પાછલો એક પહોર બાકી હતો ત્યારે જેતપુરના ગામધણી દરબાર શ્રી હરિવરની પાસે આવ્યા અને બન્ને હાથ જોડીને વિનંતી કરી : 'મહારાજ ! આવો અવસર અમારા જીવનમાં કયારે આવે કે દશેરાના ઉત્સવની આ વિજય સવારીમાં આપ પધાર્યા હો ! માનો કે ઘણા સમયનો અમારો  મનોરથ હોય અને તે અવસર આજે આવ્યો છે.' – આપ પધારો અને અમારો મનોરથ પૂર્ણ કરો. આપના સિવાય અમારી બધી બાબત અધુરી ગણાય. આજના દિવસે રાજા હથિયારોનું પૂજન અને શમી પૂજન વગેરે કરવા માટે સવારી લઈને નીકળે છે. આજ આપ અમને સર્વ શ્રેષ્ઠ કરવા માટે પધાર્યા છો. તો આપ આવો. હાથી ઉપર વિરાજો અને આપની પાછળ રહી હું ચમર ઢોળુ.

ત્યારે શ્રી હરિવરે કહ્યુ : 'અમો તો સાધુ છીએ અને દશેરાની વિજય સવારી તો રાજાઓની રીતમાં શોભે. અમારી સાથે જે ક્ષત્રિય દરબારો છે તે બધા સવારીમાં આવશે. ત્યારે તે ગામધણી દરબારે કહ્યુ : આપના જેવા સાધુને અમે વિજય સવારમાં ચાહીએ છીએ. આવા સંત કયારેય મળે નહિ. આજનો દિવસ તો અમારા માટે અમુલખ આવ્યો છે.

શ્રી હરિવર તે સમે દરબારનો ભાવ જોઈને તેમના ઉપર રાજી થયા. બધા સંતોને અને વર્ણી વગેરેને રથમાં અને મ્યાનામાં બેસાર્યા. ભાઈરામદાસજી સ્વામી, મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી વગેરેને સુખપાલમાં બેસાર્યા અને તેમને ફુલહાર પહેરાવ્યા. હરિભક્તોના મનમાં ઘણો જ ઉત્સાહ હતો. એટલે તેમણે આવીને કેસર યુક્ત ચંદનની અર્ચા કરીને સંતોની અને વર્ણી વગેરેની પૂજા કરી. તે વેળાએ શ્રી હરિવરે બધા મોતી ભરેલા સોનેરી વસ્ત્રો ધાર્યા હતા અને અંગોઅંગમાં સારા આભુષણો ધાર્યા હતા. શ્રી હરિવરની સાથે રહેલા જે દરબારો હતા તેમણે બધાએ સોનાના ઘરેણા પહેર્યા હતા અને મોટા મોટા મોતીના હાર પણ પહેરી લીધા હતા.

જેતપુરના નગરજનોએ દશેરા નિમિત્તે નવા વસ્ત્રો પહેર્યા અને સોનાના ઘરેણા ધારણ કર્યા. પોતાના ભવનના જેટલા દરવાજાઓ હતા તે બધા જ વિચિત્ર રીતે સજાવી દીધા. ભવનોના દરવાજે મોતીના તોરણ બાંધ્યા. બજારોને અને બધા ચોકને વિચિત્ર રીતે શોભાવી દીધા. આખુ નગર સોનેરી થઈ ગયુ અને શ્રી હરિવરના પધારવાથી તો વધારે શોભાયુક્ત થયુ. પુરના સ્થાનિક ગામધણી દરબાર જે હતા તે શ્રી હરિવરને ચામર કરવા માટે હાથી ઉપર પાછળના ભાગમાં બેઠા આજે તેમના મનમાં આનંદ ઉભરાતો હતો. ગઢપુરના દરબાર ઉત્તમ રાજા દાદા ખાચરને બીજા હાથી ઉપર બેસાડયા. જેતપુરના જે બીજા જે દરબારો હતા તેઓ અન્ય હાથી ઉપર બેઠા. પછી શહેરથી  ઉત્તર દિશામાં જ્યાં ખીજડો (શમડો–શમી વૃક્ષ) હતો તેમની પાસે શ્રી હરિવર ગયા. ઉલ્લાસથી આસન બિછાવી દીધુ હતુ. તેથી શ્રી હરિવર તે ખીજડાની પાસે બેઠા.

દશેરાની પૂજાનો બધો વિધિ બ્રાહ્મણે કરાવ્યો. શ્રી હરિવરની સાથે જે દરબારો હતા તે બધા શમી પૂજન કરવા માટે બેઠા. પછી તે સહુએ શ્રી હરિવરની પૂજા કરી. દશેરાના ઉત્સવનો વધારાનો લાભ  આટલો સહુને પ્રાપ્ત થયો.

## મલ્લક્રિડા

દશેરાના ઉત્સવમાં ભુજથી હરિભક્તોનો સંઘ આવ્યો હતો. તેમાં મલ્લોમાં ગંગારામ આદિક ઘણા મલ્લો હતા. તેઓને મલ્લક્રિડાથી શ્રી હરિવરને પ્રસન્ન કરવાની ઈચ્છા હતી. તેથી તેમણે આવીને શ્રી હરિવરને પ્રણામ કર્યા અને મલ્લક્રિડા કરવાની આજ્ઞા માંગી. આથી શ્રી હરિવરે તેમને આજ્ઞા આપતા કહ્યુ : 'તમે એવો ખેલ ઉમંગથી ખેલો કે જેમાં કોઈનું અંગ તૂટે નહિ.'' પછી મલ્લો રમવા લાગ્યા. તેમાં મલ્લક્રિડાની જે બધી કળાઓ હતી તે બધી શ્રી હરિવરને દેખાડી. તેનાથી શ્રી હરિવર મલ્લોના ઉપર ઘણું રાજી થયા અને સહુને એકેક મોતીના હાર આપ્યા. બધા રાજાઓએ પણ મલ્લોને પોશાક આપ્યા.



## અશ્વના ખેલ

તે પછી બધા દરબારોએ અશ્વ ઉપર સવાર થઈને અશ્વને ખેલાવ્યા. અશ્વ દોડાવવાની જે ચતુરાઈ હતી. તે શ્રી હરિવરને બધા બતાવવા લાગ્યા. બીજા બધા અશ્વોને ખેલતા દેખીને શ્રી હરિવરનો અશ્વ વારંવાર હણહણાટ કરવા લાગ્યો. ત્યારે શ્રી હરિવર બોલ્યા કે, 'અમારા અશ્વને અમારી પાસે લાવો. આજે તેને પણ દોડવાનો ઉત્સાહ થયો છે. એમ કહીને શ્રી હરિવરે હાથમાં નાની છડી લીધી અને અશ્વ ઉપર બેઠા. તે અશ્વ દોડયો. બધા જ અશ્વો તેને જોવા લાગ્યા. તે અશ્વ તેની બધીજ ચાલમાં ચાલવા લાગ્યો. માનો ગરૂડે આવીને તે અશ્વમાં પ્રવેશ કર્યો ન હોય ! માનો વિમાનનો વેગ તેમાં આવ્યો ન હોય ! એમ તે દોડવા લાગ્યો. શ્રી હરિવરનો અશ્વ જે ચાલથી વેગમાં ચાલતો હતો ત્રિલોકમાં તેના જેવો કોઈ અશ્વ ન હતો. બીજા બધા અશ્વો શ્રી હરિવરના અશ્વની ચાલ અને વેગને દેખીને નિસ્તેજ થઈ ગયા. શ્રી હરિવરના અશ્વની ગતિ–વેગને જોઈને બધા આલેખાયેલા ચિત્ર જેવા થઈ ગયા. સહુએ મનમાં માન્યુ કે આવો અશ્વ આ ભૂમિ ઉપર ન હોઈ શકે. કોઈ દિવ્ય અશ્વ છે. શ્રી હરિવરના અશ્વને જોઈ વિજળી પણ નિસ્તેજ થઈ ગઈ. તે અશ્વનો વેગ તો પોતાના વેગ જેવો જ હતો. તેના જેવો બીજા કોઈનો વેગ ન હતો. જ્યારે શ્રી હરિવર અશ્વ ઉપર ચડયા અને અશ્વ દોડયો ત્યારે તેના વેગની આગળ હરણનો જુસ્સો, બાજ પક્ષીની ઝડપ, બાણની ગતિ અને બંદુકની ગોળીનો વેગ બધુ જ નિઃસાર અને નિસ્તેજ અને શુન્ય જેવું દેખાયુ હતુ અને અશ્વની ગતિનો સાચો પરિચય સહુને થયો હતો.

શ્રી હરિવરે અશ્વ દોડાવી લીધો પછી અશ્વ ઉપરથી નીચે ઉતર્યા. બધા દરબારો શ્રી હરિવરની પાસે આવ્યા અને ખુબજ વખાણ કરવા લાગ્યા. મહારાજ ! આપના અશ્વના જેવો બીજો કોઈ અશ્વ ત્રિલોકીમાં કયાંય નથી. આ અશ્વને સો વખત મોતીથી તોળ્યો હોય તો પણ તે અમૂલ્ય જ ગણાય. શ્રી હરિવરે જ્યારે અશ્વને
દોડાવ્યો ત્યારે તેને પણ આનંદ થયો. તેનો વેગ ઓછો થયો. પછી તે સીધો સાદો અને સરળ થઈને અશ્વની સાથે ઊભો રહ્યો.

દશેરાના દિવસે પાડાની હિંસા થતી હતી તે અટકાવી....



## ... બ્રાહ્મણોની ચોરાશી ...

આસો સુદી બારશનો દિવસ થયો ત્યારે શ્રી હરિવર પહેલા ભાદર નદીમાં નાહ્યા. પુરના જેટલા વિપ્રો હતા તેમને સહુને બોલાવીને ચોરાશી કરાવીને તેમને જમાડયા. સહુને સારી રીતે દાન અને દક્ષિણાઓ આપી પછી પરમ પ્રવિણ શ્રી હરિવર જેતપુરથી ચાલતા થયા. દેશ પરદેશથી જે હરિભકતો આવ્યા હતા. તે બધા પોતપોતાને ગામ ગયા. દસ વીસ કાઠિ દરબાર હરિભકતો શ્રી હરિવરની સાથે રહ્યા. પછી શ્રી હરિ ધોરાજી પધાર્યા

## ... વૈરાગીઓએ શ્રીહરિને શીરા પુરીની રસોઈ જમાડી ...

એકવાર શ્રી હરિ ગોંડલ થઈ જેતપુર પધાર્યા હતા. ત્યાં ભાણા કાપડિયા નામના કણબી હરિભક્તને ઘેર બે દિવસ રહ્યા હતા. તે વખતે જેતપુરના બધા વૈરાગીઓએ મળીને શીરા–પુરીની રસોઈ કરાવી જમાડવાનું નક્કી કર્યુ. પછી તેમણે શ્રી હરિને આ વાત કરી આથી શ્રીહરિએ તેમનો ભાવ જોઈને હા કહી. પછી બધા વૈરાગીઓએ શીરાપુરીની રસોઈ કરાવડાવી. પછી શ્રી હરિ તેમનો ભાવ જોઈને શીરા પુરીની રસોઈ જમ્યા. પછી સહુ સંતો–ભક્તો જમ્યા. આમ વૈરાગીઓએ શ્રી હરિનો મહિમા સમજી તેમને જમાડવાનો લાભ જેતપુરમાં લીધો હતો. પછી શ્રી હરિવર જેતપુરથી નીકળી જમનાવડ પધાર્યા.

## એકાદશીનું માહાત્મ્ય કહ્યુ


એકાદશીના દિવસે શ્રી હરિવર પ્રાતઃ સમયે ભાદર નદીએ ન્હાવા માટે ગયા. સંતો બીજા હરિભક્તો અને દરબારો બધાને સાથે લીધા હતા. સહુ સાથે નાહ્યા. જયયાત્રાનો ઉત્સવ છવાય ગયો. 'ધન્ય યમુનાજી' એ કીર્તન તાળીઓ પાડીને ગવડાવ્યા. 'કાઈ દુર્લભ હરિજન' એ બીજુ કીર્તન પણ ગવડાવ્યુ. ભાદર નદીના જળમાં શ્રી હરિવર વચ્ચે બેઠા અને ચારે બાજુ સંતો હરિભકતો બેઠા. તારામંડળમાં ચંદ્રમા જેમ શોભે તેવી શોભા તે સ્થળે થઈ હતી. ચાર ઘડી (૧.૩૬ કલાક)દિવસ ચડયો ત્યાં સુધી શ્રી હરિવર જળમાં સ્નાન કરતા રહ્યા. કાઠી દરબારો ઘણા ચતુર હોય છે. એટલે અંદરો અંદર બોલવા લાગ્યા. શ્રી હરિવર હમણા જ નદી બહાર નીકળશે. અલૈયા ! તમે ગભરાશો નહિ, ફળાહાર તૈયાર તો હશે જ. તેમ માત્રાએ તેમને કહ્યુ.

ત્યારે શ્રી હરિવરે કહ્યુ 'એક મહિનામાં એકદાશીના બે ઉપવાસ કરવાના હોય છે. સુદ અને વદ બન્ને પક્ષની બન્ને એકાદશી અગણિત ફળ આપે છે. આજ કોઈએ ફળાહારનો સંકલ્પ જ કરવો નહિ. ભગવાનનું ભજન કરીને જ દિવસ વિતાવવાનો છે. વળી આજ તો હરિવાસરનો યોગ છે. એટલે તે બધા દિવસોમાં વધારે મહત્ત્વનો છે. ભગવાનના જે ચોવીસ અવતાર છે, તેમના દિવસ બાર માસની એકાદશીઓ છે. એકાદશીએ પણ ચોવીસ રૂપ ધાર્યા છે. માટે બધી જ એકાદશીઓ પાપથી મુકાવનારી છે અને અનુપમ છે.



કાઠી દરબારોએ કહ્યુ : 'પાપ તો અમે હરિભકત થયા ત્યારે જ નાશ પામ્યા છે. હવે પાપ કયાં છુપાઈને રહ્યા છે ? અમે તો કોઈ પાપને જાણતા જ નથી. ત્યારે શ્રી હરિવર બોલ્યા : 'તમે શાસ્ત્રની રીત જાણતા નથી. જે લોકો શાસ્ત્રના સિધ્ધાંતને જાણતા નથી. તેઓ તો બધા પશુની જેમ વર્તે છે. શાસ્ત્રને સમજીને જે નીતિ પ્રમાણે ન ચાલે તેની તો ઘણી મોટી ફજેતી થાય છે. ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિક દેવતાઓ, તેમાં જેણે શાસ્ત્રના વચનને લોપ્યા છે તેની ફજેતી કાયમ રહી ગઈ છે. તે ઈશ્વરો અતિ સમર્થ કહેવાતા તેમની આગળ બીજા લોક શા લેખામાં ? વિગેરે વાતો કહી.

તે સમયે રામદાસભાઈ અને મુકતાનંદ સ્વામીએ પોતાની સમજણ બતાવી. પછી બધા (કાઠી) દરબારોએ હાથ જોડયા અને કહ્યુ : 'હે હરિ ! અમે બરાબર વિચાર કરીને નક્કી કર્યુ છે કે આપના વચનમાં રહેવું તેમાં જ સુખ છે. શ્રી હરિવરના વચનથી અમે એકાદશીનુ વ્રત રાતદિવસ કરીશું. આપને રાજી કરવા માટે સહુ હરિભકતોએ તેવો જ વિચાર કર્યો છે. તે સાંભળીને ભગવાન શ્રી હરિવર તત્કાળ પ્રસન્ન થયા અને ઉપદેશની વાતો કરીને સંતોને કહેવા લાગ્યા. આજ અમે ફળાહાર મંગાવીએ છીએ એટલે તમારે કોઈએ 'ના નહિ કહેવી.' એકાદશી તો કરોડો આવશે પણ આવો અવસર નહિ આવે. આ જેતપુર ગામ અમારી ગાદીનું ગામ છે. એ વાતને અમે ભુલી ગયા છીએ. ''અમે કાયમ શાસ્ત્રના વ્યસની છીએ. અમને શાસ્ત્રનું જ તાન રહે છે. ઘણો સારો મોટો અવસર આવ્યો છે તેને અમે ભુલી ગયા છીએ. ભલો તો ભુલાય ગયુ હોય, છતાંય અહિ ગાદીસ્થાન હોવાથી કાંઈક વિશેષ કરવું છે. અમારા તાનમાં તરત જ તમારે ભળી જાવું નહિ. અમે તો અનેક સ્થાનોમાં ફરીએ છીએ એટલે જેવું સ્થાન હોય તેવું તાન અમારે રહે છે. કયારેક કાંઈક દેખાય જાય છે ત્યારે અમે ઉદાસ થઈ જાઈ છીએ અને એમ થઈ જાય છે કે અહિથી કયાંક એકલા જ ચાલ્યા જઈએ. એટલા માટે હું તમને સહુને કહી રાખુ છુ કે કયારેક જો આવું થાય, તો તેમ તરત જ જોરથી પકડીને રોકી રાખજો. આટલી વાત કરીને પછી મયારામ ભટ્ટ પાસે શ્રી હરિએ બરફી અને પેંડા મંગાવ્યા. ભટ્ટજી ૫૦ મણ પેંડા અને બરફી લાવ્યા. તેનું સહુને પેંડાનું ફળાહાર કરાવ્યુ.



## સાધુ કેવળીક છે તેવી જૈનોને પ્રતીતિ કરાવી

એકવાર શ્રી હરિ જેતપુર પધાર્યા હતા. તે વખતે પ્રભુ સંતો અને હરિભકતોને કથાવાર્તા સંભળાવી રહ્યા હતા. તે સભામાં ગામમાંથી કેટલાક જૈનો પણ આવીને બેઠા હતા. તેઓએ શ્રી હરિને કહ્યુ : "તમારા સાધુ કેવળીક કહેવાય છે એમ અમે સાંભળેલું છે અને અમારા સિદ્ધાંત પ્રમાણે આ કળિયુગમાં પાંચમો આરો ચાલે છે. તેથી અત્યારે કેવળીક સંત હોય નહિ અને જે કેવળીક હોય તે માવદેક્ષેત્રમાં જાય. તેથી તે સિદ્ધ પુરુષ કહેવાય. શ્રી હરિ કહે : "જો અમારા સાધુ માવદેક્ષેત્રમાં જાય તો કેવળીક ખરા કે નહિ ?" ત્યારે તેઓ કહે : "તો તો જરૂર કેવળીક માનવા જ પડે." પછી શ્રીહરિએ એક સાધુને સમાધિ કરાવીને તે જૈનોને કહ્યુ : "આ સાધુ માવદેક્ષેત્રમાં ગયા છે તો તેની નાડી જુઓ." આથી તેઓએ તે સાધુના નાડીપ્રાણ જોઈને કહ્યુ : "આમના તો પ્રાણ જ નથી, આ મરી ગયા છે." મહારાજ કહે : "હવે તમે તેમને ભૂમિમાં દાટો, બાળી દો, ફાવે તેમ કરો. જો તમારાથી ન થાય તો અમારા સત્સંગીઓ તેમની દેહક્રિયા કરશે." શ્રાવકોએ વિચાર કર્યો : 'જો આ સાધુ જીવતા ન થાય તો આપણને આની હત્યા લાગે ! હવે શું કરવું ? પછી તેઓ કહે : "મહારાજ ! દયા કરીને આ સાધુને જીવતા કરો." મહારાજ કહે : "માવદેક્ષેત્રમાં જાય તે પાછો આવે નહિ." ત્યારે જૈનો કહે : "આપ ગમે તે ઉપાયે આ સંતને પાછા બોલાવો." શ્રી હરિ કહે : "આ સંત જાગે તો તે કેવળીક ખરા કે નહિ ?" ત્યારે શ્રાવકો કહે : "આ સાધુ માવદેક્ષેત્રમાં ગયા છે તે કેવળીક અને આ બીજા સાધુ બેઠા છે તે પણ કેવળીક જ છે. માટે તમે જલ્દી ઉઠાડો." પછી શ્રી હરિએ તે સંતને સમાધિમાંથી જાગ્રત કર્યા. શ્રી હરિની આ અલૌકિક યોગકળા જોઈને જૈનો આશ્ચર્ય પામ્યા.

જેતપુરમાં જીવા જોષી કરીને એક સન્નિષ્ઠ ભક્ત હતા. તે ધર્મ નિયમમાં દ્રઢ રહેતા હતા. પરંતુ તેમની આર્થિક સ્થિતિ નબળી હતી. તેમને બે પુત્ર હતા. તેમના નામ ગોરધન અને શિવો હતા.

સં. ૧૮૬૩માં પ્રભુ ધોરાજીની બાજુમાં આવેલ મેવાસા ગામ પધાર્યા. જીવા જોષીને સમાચાર મળતા પોતાના બન્ને પુત્રોને લઈ મેવાસા શ્રીહરિના દર્શન કરવા આવ્યા. જોષી બન્ને પુત્રોની સાથે પ્રભુને પગે લાગી સભામાં બેઠા. તે વખતે અંતર્યામી પ્રભુએ જોષીની પરિસ્થિતિ જાણીને પૂછ્યુ : "જોષી ! આ દિકરાઓને હજૂ જનોઈ કેમ નથી આપી ? જોષી કહે : "પ્રભુ ! મારી આર્થિક પરિસ્થિતિ નબળી છે. તેથી હું તેમને જનોઈ આપી શકયો નથી." શ્રીહરિ કહે : "કેટલો ખર્ચ થાય ?" જોષી કહે : "આશરે ૨૦૦ કોરી થાય અને તેથી સારો કરીએ તો ૫૦૦ કોરી થાય. મહારાજ કહે : "તમારા દિકરાને અમે જનોઈ અપાવી દઈએ. પછી પ્રભુએ જનોઈનું મૂહુર્ત કઢાવી ફાગણ સુદમાં જનોઈ આપવાનું નક્કી કર્યું. પછી હરિવર તે વખતે બે દિવસ અગાઉ જેતપુર પધાર્યા અને ગામના ભાવિક વેપારી વણિકને ભલામણ કરી : "શેઠ ! જીવા જોષીને ૫૦૦ કોરી સુધીનો માલ અમારે ખાતે આપજો. અમો તમને થોડા સમયમાં ચૂકતે કરી દઈશું." વણિકે પ્રભુને હા કહી.



પછી જીવા જોષીએ બધી સામગ્રી એકઠી કરી જનોઈ આપવાની તૈયારી કરી. બન્ને પુત્રો સાંજે ફૂલેકે ચડવાના હતા. તેથી જીવા જોષી મહારાજ પાસે આવીને કહે : "પ્રભુ ! આજે સાંજે છોકરાઓ ફૂલેકે ચડવાના છે તો આપ પણ તેમાં પધારો." પછી શ્રીહરિ કહે : "ભલે અમે આવીશું અને સાથે ફૂલેકામાં ફરીશું." પછી સાંજે સોનેરી પોશાક ધારણ કરીને તથા શણગારેલી માણકી પર અસવાર થઈને જોષીના ઘરે પધાર્યા. પછી બન્ને વિપ્ર પુત્રોની સાથે પ્રભુ ફૂલેકામાં જેતપુરમાં સત્સંગીઓના ઘેર ઘેર ફર્યા. સહુએ પસ ભરીને પ્રભુને વધાવ્યા. આ રીતે ધામધૂમથી ફૂલેકાનો પ્રસંગ ઉજવાયો. બીજે દિવસે બન્ને પુત્રોને ધામધૂમથી જનોઈ આપવામાં આવી. આવી રીતે જીવા જોષીના બન્ને પુત્રોને જનોઈ આપી પ્રભુ 'ગરીબના બેલી છે' એ કહેવતને સાર્થક કરી.

# શ્રી હરિ ઘોડે બેસીને થાળ જમ્યા

રામાનંદ સ્વામી ધામમાં ગયા પછી પણ ઉન્નડ દરબાર સત્સંગ રાખતા.

શ્રી હરિ અને સંતોને તેડાવતા, ઉત્સવો કરતા અને પૂજા કરતા. સમય જતા દરબાર ઉન્નડબાપુ ધામમાં ગયા. પછી દરબાર મુળુવાળા અને દેવાવાળાને કોઈ કારણોસર અણબનાવ થયો.

આથી તેઓ પોતાના ખેડુત ભાણાભાઈને પરેશાન કરવા લાગ્યા. ભાણાભાઈ સાથે અણબનાવને લીધે તેમને ત્યાં આવતા સહજાનંદ સ્વામીની સાથે પણ દ્વેષ રહેતો.

એકવાર પ્રભુ પોતાના સખાભકતો સાથે જેતપુર પધાર્યા. ભાણાભાઈને ત્યાં રોકાણા. પરંતુ હરિવરને જવાની ઉતાવળ હતી એટલે વધુ રોકાયા નહિ. આથી ભાણાભાઈએ હરિવરને પ્રાર્થના કરી : "પ્રભુ ! આપ જમ્યા પછી જ પ્રયાણ કરજો."



શ્રી હરિ : "જમવાની કોઈ ઉતાવળ નથી, અમે તો થોડીવાર વિશ્રાંતિ લેવા જ રોકાણા છીએ." ભાણાભાઈ કહે : "મહારાજ ! હમણા જ રસોઈ થઈ જશે આપ આરામથી બેસો. જમ્યા વિના જવાય નહિ." એમ કહી રસોઈ બનાવવાની તૈયારી કરવા લાગ્યા. બ્રાહ્મણો પાસે રસોઈ કરાવી. આ વાતની ખબર દેવાવાળા અને મૂળુવાળાને મળતા જ તેમણે માણસ મોકલીને ભાણાભાઈને કહેવડાવ્યુ : "તમે અત્યારે ને અત્યારે જ તમારા ગુરુને અમારી હદમાંથી રજા આપી દ્યો, નહિતર તમારે ગામ છોડવું પડશે." આ વાત સાંભળી ભાણાભાઈને થોડી મુંઝવણ થઈ, પરંતુ હરિવરને ભાણાભાઈની આ આપત્તિની વાત મળતા તરત જ ઘોડેશ્વાર થયા. બીજા પાર્ષદો પણ ઘોડેશ્વાર થયા. ભાણાભાઈને ખબર પડતા જ તરત મહારાજ પાસે આવીને રોકાવા વિનંતી કરતા કહ્યુ : "મહારાજ ! હવે જે થવું હશે તે થશે, પરંતુ તમે જમીને જાવ, જમવાનું તૈયાર થઈ ગયુ છે." હરિવરે તેમની ભાવના જોઈ કહ્યુ : "અન્નદેવનો અનાદર કરવો નથી માટે જે તૈયાર હોય તે અહિં જ લાવો, અમે અહિં જ જમીશું." આથી ભાણાભાઈ જે રસોઈ તૈયાર હતી તે ઝડપથી લઈને આવ્યા. પછી પ્રભુ ઘોડા ઉપર બેઠા થકા જ જમ્યા અને પાર્ષદોને પણ તેવી રીતે જમાડયા. હાલમાં આ જગ્યા મંદિરના ઉત્તરાદાબારના પગથિયા છે ત્યાં જમ્યા હતા.

# ભાણાભાઈને જેતપુર છોડવું પડયુ

ગામના દરબાર મુળુવાળા અને દેવાવાળા અણબનાવને લીધે ભાણાભાઈને વારંવાર પરેશાન કરવા લાગ્યા. એક દિવસ એવો આવ્યો કે દરબારોએ તેમને ગામ છોડીને ચાલ્યા જવાનો હૂકમ કર્યો. પહેલાના જમાનામાં રાજા જેમ કહે તેમ કરવું પડતું. રાજા જ સર્વે સર્વા કહેવાતા. રાજા જ્યાં સુધી પ્રજાને પોતાના રાજ્યમાં રહેવા દે ત્યાં સુધી જ રાજ્યમાં રહેવાતું. તે વખતે લોકો માટે એવા કોઈ કાયદા ન હતા કે જમીન અને મકાનના દસ્તાવેજ ન હતા. આથી રાજ હૂકમથી પ્રજાને બધુ છોડીને ચાલ્યા જવું પડતું. ભાણાભાઈ દરબારના હૂકમને આધીન થઈને પાંચે પાંચ ઓરડા તથા જમીન છોડીને ચાલ્યા જવું પડયુ. પછી તે પ્રસાદીના ઓરડા તથા ફળી વગેરેનો કબજો તે દરબારશ્રીની સત્તામાં ગયો. આમ ભાણાભાઈએ ઘણા કષ્ટો સહન કરીને પણ સત્સંગ રાખ્યો, એટલું નહિ સત્સંગ માટે તેમણે પોતાનું બધુ જાતુ કર્યુ પણ સત્સંગને મૂકયો નહિ. તેમણે તેમના સમગ્ર પરિવારમાં પણ સત્સંગ કરાવ્યો. આજે જેતપુરમાં તેમના પરિવારમાં સારો સત્સંગ છે.





# જેતપુરમાં શ્રીહરિએ ચારણની બુદ્ધિ ફેરવી.



એકવાર હરિવર કાઠીઓના સ્વાર સાથે જેતપુર પધાર્યા. તે વખતે ઉતરવાનું કોઈ સ્થાન ન હોય હરિભક્તોએ નજીકના ચોરામાં ઉતરવાની વ્યવસ્થા કરી. આથી હરિવર ચોરામાં ઉતર્યા. તે ગામના ગરઢેરા કાઠીને હરિવર સાથે અદાવત હતી તેથી એક ચારણને શીખવીને નિંદા કરાવવા સાથે લીધો ને મહારાજ પાસે આવ્યા. તે વખતે બાપુએ ચારણને નિંદા કરવા માટે ઈશારો કર્યો, પરંતુ ચારણ મહારાજની નિંદા કરવાનું શરૂ કરે તે પહેલા મહારાજે ચારણની બુદ્ધિ ફેરવી નાખી

આથી તે ચારણ મહારાજને ગાળો દેવાને કે નિંદા કરવાને બદલે મહારાજની સ્તુતિ કરવા માંડયો જે આતો જેણે કૃષ્ણાવતાર ધાર્યો હતો અને જેણે રામાવતાર ધાર્યો હતો અને વળી જેણે મચ્છ કચ્છાદિક અવતાર ધારણ કર્યા હતા તે જ આ સાક્ષાત સ્વામિનારાયણ ભગવાન છે. તે સાંભળીને શ્રીજી મહારાજ તેના ઉપર બહુ જ પ્રસન્ન થયા અને પોતાના હાથમાં પચીસ રૂપિયાનો વેઢ હતો તે કાઢીને ચારણને આપ્યો.

(શ્રીહચરિં. ભા–૧–૨૬૪)



## સદાવ્રત ભોજન

એકવાર શ્રીહરિ જેતપુર પધાર્યા હતા. તે સમયમાં ગામમાં ટેલદાસનું સદાવ્રત ચાલતું હતું. ત્યાં શ્રીહરિ ગયા અને સદાવ્રતમાંથી સીધુ લીધુ અને તેમાંથી સુખડી બનાવીને જમ્યા. આ રીતે સદાવ્રત સ્થાપનારના શ્રેયને માટે જ શ્રી હરિએ તેનું સીધુ લઈને તેનું શ્રેય કર્યુ.

## સત્સંગના નિયમની દ્રઢતા



સંવત ૧૮૭૬ના અષાઢ મહિનામાં જીવા જોષીએ હિંગ અને લસણ ન ખાવા માટે જ દરબારના હૂકમથી ગામ છોડયુ હતું. પછી શ્રી હરિ જૂનાગઢ હતા ત્યાં જઈ આવેલા દેશકાળની વાત કરી. આથી શ્રીહરિએ તેમની વતન કરતા પણ સત્સંગની દ્રઢ નિષ્ઠા જોઈ તેમની ઉપર રાજી થઈ ગયા અને પોતે પહેરેલા કિંમતી બધા જ ઘરેણા તેમને આપ્યા.

પછી શ્રીહરિએ સંવત ૧૮૭૬ના અષાઢ સુદ ૭ના દિવસે શુકાનંદ સ્વામી પાસે પીઠવડીના હરિભક્તો ઉપર પત્ર લખાવ્યો અને તે પત્ર જોષીને આપતા કહ્યુ : "આ પત્ર લઈ પીઠવડી જાવ. ત્યાં તમને રહેવાની બધી સગવડતા મળી રહેશે. આથી જીવા જોષી ભગવાનની આજ્ઞામાં જ સુખ છે તેમ માની પત્ર લઈ પીઠવડી આવ્યા. શ્રીજી મહારાજનો પત્ર વાંચી અને જીવા જોષીની સત્સંગના નિયમની દ્રઢતા જાણી તેમને બધી સહાય કરી. રહેવા માટે મકાન અને બધી ઘર વખરીની સગવડતા કરી આપીને ગામના ગોર તરીકે રાખ્યા. તેમજ ગામના સર્વે સત્સંગીઓને પણ આ સમાચાર આપી દેજો. આટલી વાત કરીને પછી શ્રીહરિ જમનાવડ ગયા.



## શિરસાટે સત્સંગ

જીવા જોષીની દિકરી કડવીબાઈ હતા. તેમન જેતપુરમાં જ પરણાવવામાં આવ્યા હતા. કડવીબાઈ સત્સંગના નિયમ પાળી ભગવત ભજન કરતા તે તેમના પતિ વગેરે કોઈને ગમતું નહિ. આથી કડવીબાઈને સત્સંગ છોડાવવા માટે રસોઈમાં ડુંગળી વિગેરે નાખતા તો પાણી પીઈને દિવસો પસાર કરતા. તો પાણીમાં તરફથી સત્સંગ છોડવવા માટે ઘણું દુઃખ આપતા.

એકવાર કડવીબાઈ ધોરાજીની સીમમાં ઘાસ વાઢતા હતા ત્યારે શ્રીહરિ ધોરાજીથી જેતપુર આવતા હતા. કડવીબાઈને જોઈ શ્રીહરિ બોલ્યા : "અરે કડવીબાઈ ! ભગવાન ભજવા હોય તેને ફેલ ન કરવા જોઈએ." આથી કડવીબાઈએ કહ્યુ : "મહારાજ ! હું તમારા નિયમ શિરસાટે પાળીને તમારૂ ભજન કરુ છુ. હું કયાં ફેલ કરુ છુ ? ત્યારે મહારાજ કહે : "તમે હાથમાં આ કડા પહેર્યા છે તે ફેલ જ છે. તે કડા કાઢી નાખો. આથી કડવીબાઈએ તરત જ કડા કાઢ્ઢ નાખ્યા. પછી મહારાજ કહે : "હવે તમે માથુ મુંડાવીને સાદા વસ્ત્ર પહેરીને રહો. તુરંત જ કડવીબાઈ ઘરે ગયા અને માથુ મુંડાવી સાદા વસ્ત્ર પહેરી લીધા. આ દ્રશ્ય જોઈ તેના ધણીને ન ગમ્યુ. તેથી તેમને દુઃખ દેવા દરરોજ રાત્રે તેની છાતી ઉપર ખાટલાનો પાયે રાખીને સુતો. આથી કડવીબાઈને અતિ પીડા થતી. પછી તેમણે મહારાજને પ્રાર્થના કરી. શ્રીહરિએ તેમને દર્શન દઈને કહ્યુ : કાલે તમે ભાદરમાં પાણી ભરવા જજો, ત્યાં પુર આવ્યુ હશે તેન ઉપર ચાલ્યા જજો તમને અમે કઈ નહિ થવા દઈએ. પછી બીજે દિવસે કડવીબાઈ ભાદર નદીમાં પાણી ભરવા ગયા અને પાણી ઉપર ચાલ્યા ગયા અને સામે કાઠે વેલડુ ઊભુ હતુ તેમાં બેસી ગઢડે પહોંચી ગયા.

જેતપુરમાં તેના ધણીએ રાજાને ફરિયાદ કરી કે જીવા જોષીએ અને તેમના પરિવારે મારા પત્નીને કડવીને ભગાડી છે. તુરંત રાજાએ સર્વેને બોલાવી કહ્યુ : જો કડવી તમારા સત્સંગમાંથી મળશે તો તમારા બધાના માથા ડૂલ થશે". આથી સર્વેએ કહ્યુ : "જો સત્સંગમાંથી કડવીબાઈ મળે તો અમે અમારા માથા આપવા તેયાર છીએ એમ લખાણ કરી સહી કરી દીધી. પછી શ્રીહરિએ આ વાત સાંભળીને કડવીબાઈને ગુજરાતમાં કઠલાલ ગામમાં રામબાઈ નામ રાખી ત્યાં મોકલ્યા.

## તીર્થધામનો પ્રભાવ

ઉત્તર પ્રદેશમાં કોઈ એક ગામમાં જન્મેલા એક મુમુક્ષુને બાલ્યાવસ્થાથી જ અસાધ્ય રોગ થયેલો હતો. તે રોગથી તેના કાનમાં સતત શંખનાદ જેવો અવાજ થયા કરતો હતો. તેને લઈ તેને નિદ્રા પણ આવતી નહિ. રોગનું દુઃખ સહન કરીને તેમણે વિદ્યાભ્યાસ કર્યો અને રામાયણનો અભ્યાસ કર્યો. વિવિધ ઉપચારો કરવા છતા રોગ મટયો નહિ. પછી તેમણે વિચાર્યુ કે તીર્થયાત્રા કરવાથી રામાયણમાં લખેલા કાગભુશુંડી જેવા મહારપુરુષ જે સ્થાનમાં વિચર્યા હોય તે સ્થામાં જવાથી અને વ્રત–જપ–સંતસમાગમ અને ભગવત્ કૃપાથી મારો રોગ મટી જશે. આ મુમુક્ષુ વૈરાગી સંતનો વેશ ધારણ કરી તીર્થયાત્રા કરતા કરતા જેતપુર આવ્યા. ભોજન માટે તેમણે તપાસ કરી તેથી કોઈકે કહ્યુ : "આ ગામમાં રામાનંદનું સદાવ્રત ચાલે છે ત્યાં તેમને ભોજન મળશે." તેથી તેઓ સદાવ્રતમાં આવ્યા. સંતોએ તેમને આદરપૂર્વક જમાડયા. ભોજન પછી વિશ્રાંતિ લેવા માટે તેઓશ્રી સદાવ્રતના ઓટલા ઉપર સૂતા. તે સમયે તેમને કાનમાં જે શંખનાદ જેવો અવાજ થતો હતો તે બંધ થઈ ગયો અને તેથી તેને ઉંઘ આવી ગઈ. લાંબા સમય સુધી ઊંઘી રહેલા એ સંતને જોઈને એક સંત સાખી બોલ્યા કે 'સંસારીકા ટૂકડા નવ નવ આગળ દાંત, ભજન કરે તો ઉગરે નહીં તો કાઢે અંત" આ સાખી બોલીને કહે, "સાધુરામ ! ખૂબ જ ઊંઘ કરી હવે જાગો." તે વૈરાગી સંત ઊભા થઈને સંતને પગે લાગ્યા અને કહ્યુ કે, "મહાત્માજી ! આપ કહો તે સાચુ છે. કારણ કે સદાવ્રતનું ભોજન જમીને ભજન ન કરીએ તો આપણી અધોગતિ થાય એમ હું પણ માનુ છુ. પરંતુ મને અસાધ્ય રોગ થયો હતો. તે મટાડવા વિવિધ ઉપચારો અને ઉપાયો કર્યા છતા મટયો નહિ. આજે હુ આપના સદાવ્રતમાં આવ્યો અને ભોજન જમ્યો અને આરામ કરવા અહીં સૂતો અને મને ઊંઘ આવી ગઈ. તેથી મને શાંતિ થઈ. માટે આ સદાવ્રતમાં કાગભુશુંડી જેવા કોઈ મહાપુરુષ હશે તેના પ્રભાવે મારો આ રોગ મટી ગયો. આ મુમુક્ષુ વૈરાગીની વાત સાંભળી આશ્ચર્ય પામેલા. સંતે રામાનંદ સ્વામી તથા શ્રી હરિના પ્રતાપની વાત કરી. તેથી વૈરાગી શ્રી હરિને મળ્યા. શ્રી હરિના ઐશ્વર્ય પ્રતાપ જોઈને તેઓ સાધુ દીક્ષા સ્વીકારીને સત્સંગમાં રહ્યા. શ્રીહરિએ દીક્ષા આપીને તેનું નામ પરમાનંદ સ્વામી નામ રાખ્યુ. આ પરમાનંદ સ્વામી ગઢપુરના મહંત થયેલા અને શ્રીહરિની આજ્ઞાથી તેમણે મંદિરની સેવા કરેલી. પોતાની વૃદ્ધાવસ્થામાં તેઓ ગઢપુરમાં જ રહેતા અને સં.૧૯૦૯ની સાલમાં શ્રાવણ વદ ૯ ના દિવસે ગઢપુરમાં ધામમાં ગયા.



# શ્રી સ્વામિનારાયણ ગાદીસ્થાન તીર્થધામ જેતપુરમાં દર્શનીય મૂર્તિઓ....



શ્રી ઈચ્છારામજી મહારાજ  શ્રી સ્વામિનારાયણ ભગવાન  શ્રી રઘુવીરજી મહારાજ

શ્રી હરિવરની વરદાનભૂમિ એવં ગાદીસ્થાન તીર્થધામનો મહિમા અપરંપાર છે. આ સ્થાનમાં મૂ.અ.મૂ. ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય પ.પૂ. સદ્. બાલમુકુંદદાસજી સ્વામીએ શ્રીજી મહારાજની ગાદીસ્થાન પર બંધાવેલ એક શિખરનું મંદિરનું મંદિર બંધાવી તેમાં શ્રીજી મહારાજની ચિત્ર પ્રતિમા પધરાવી હતી. તત્પશ્ચાત પ.પૂ.સદ્. શ્રી કેશવચરણદાસજી સ્વામીએ તે જગ્યાએ કાષ્ટમાં કંડારેલ સુંદર બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજને સંવત ૧૯૮૧માં પધરાવ્યા છે.

ત્યારબાદ પ.પૂ.સદ્. શ્રી કેશવચરણદાસજી સ્વામીના કૃપાપાત્ર શિષ્યપ.પૂ.સદ્. શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામીએ એક શિખરનું મંદિર જેમ છે તેમ યોગ્ય રીત જળવાય રહે તે રીતે સુંદર પ્લાન તૈયાર કરાવી સં. ૧૮૯૦માં ત્રણ શિખરના મંદિરનો પાયો નાખ્યો. સ્વામીશ્રી અને સત્સંગીઓની અથાક પરિશ્રમ અને ઉત્સાહથી ટૂંકા સમયમાં જ મંદિર તૈયાર કર્યુ. વિ.સં. ૧૯૯૫માં મહા વદી ૮ના દિવસે આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજના વરદ્ હસ્તે પ્રાણપ્રતિષ્ઠા કરાવી. મધ્ય ખંડમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન, ઈચ્છારામજી મહારાજ, રઘુવીરજી મહારાજ, દ્વિતિય ખંડમાં શ્રી હરિકૃષ્ણ મહારાજ, ધર્મદેવ, ભક્તિમાતાની મૂર્તિ પધરાવવામાં આવી. ગાદીસ્થાન તીર્થધામમાં પધારતા ભક્તો આ મૂર્તિઓના દર્શન કરી સુખ પ્રાપ્ત કરે છે. હાલમાં આ મૂર્તિઓની સેવા પ.પૂ.સદ્.શ્રી નિલકંઠચરણદાસજી સ્વામીનું શિષ્યમંડળ કરી રહ્યુ છે.





શ્રી હરિકૃષ્ણ મહારાજ



શ્રી ધર્મદેવ



શ્રી ભક્તિમાતા



શ્રી ઘનશ્યામ મહારાજ

# જેતપુરમાં મંદિરના મંડાણ કરનાર અનાદિ મૂ.અ.મૂ. ગુણાતીતાનંદ સ્વામી

અનાદિ મૂ.અ.મૂ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ હરિવરની આજ્ઞાથી જુનાગઢ મંદિરની મહંતાઈ સ્વીકારીને સોરઠના સત્સંગને શ્રી સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરી ઉપાસનાથી સદૈવ ધબકતો રાખ્યો હતો. આ ઉપાસનનાની વાતોના પડઘા હાલ પણ સંપ્રદાયમાં પડી રહ્યા છે. સોરઠના સત્સંગનું ધ્યાન સ્વામીશ્રીએ રાખેલ છે અને શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થાન જળવાઈ તેની કાળજી સ્વામીશ્રી રાખ્યા કરતા.

જેતપુરમાં ગાદીસ્થાનની પ્રસાદીની જગ્યા સત્સંગમાં આવે તે રીતે સ્વામીશ્રીએ અત્યંત પ્રયાસ કર્યો હતો. તેની ટૂંકી માહિતી ટૂંકા પ્રસંગથી બાજુના લખાણથી જાણીએ.




ઉન્નડબાપુ ધામમાં ગયા પછી ભાણા કાપડિયાએ શિરસાટે સત્સંગ રાખેલ, પરંતું ગામધણી દરબારશ્રી અને ભાણા કાપડિયાને અણબનાવ થતાં ભાણાભાઈને જેતપુર છોડવું પડયુ હતું. પછી પ્રસાદીની જગ્યા ગામધણી દરબારના કબજામાં રહી હતી. શ્રીજી મહારાજની ગાદીનું સ્થાનનું માહાત્મ્ય જાણી સોરઠમાં આવતા સત્સંગીઓ આ સ્થાનમાં આવતા. આ સ્થાન સંપ્રદાયના કબજામાં ન હોવાથી સત્સંગીઓ દૂરથી દર્શન કરી શકતા.

એકવાર આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા સ્વામીશ્રી અને સંતો–ભક્તો સોરઠની તીર્થયાત્રા કરતા જેતપુરમાં ગાદીસ્થાને દર્શન કરવા આવ્યા. તે વખતે સ્વામીશ્રીએ ઘનશ્યામદાસજી સ્વામી (શ્રીજી મહારાજની સેવામાં રહેતા નાજા જોગીયા સાધુ થયેલા તેને આ સ્થાનનું માહાત્મ્ય કહેવા આજ્ઞા કરી.) પછી તેમણે શ્રીજી મહારાજના પ્રસંગો અને તીર્થસ્થાનનું માહાત્મ્ય કહ્યુ. આથી રઘુવીરજી મહારાજે સ્વામીશ્રીને વાત કરી કે આ સ્થાનનું માહાત્મ્ય તો ખુબ જ છે પરંતુ જ્યાં સુધી આ સ્થાન આપણા હાથમાં ન આવે અને નજીકથી દર્શન ન થાય ત્યાં સુધી અહીં આવતા સત્સંગીઓને સુખ ન થાય. આથી આ સ્થાન લઈ લેવા વાત કરી. આથી સ્વામીશ્રી કહે : "મહારાજશ્રી ! આ બાબતના પ્રયત્ન ચાલુ છે, પરંતું મહારાજની ઈચ્છા હશે ત્યારે વહેલા મોડુ ગમે ત્યારે મળશે."

સ્વામીશ્રી અવારનવાર જેતપુર આવતા અને હરિભક્તોને સત્સંગનું સુખ આપતા. આથી હરિભક્તોનો સત્સંગ જળવાઈ રહેતો. એકવાર સ્વામીશ્રીએ સહુ ભક્તોને કહ્યુ : "અહિં મંદિર કરો તો સંતો રોકાઈ શકે અને વિશેષ કથાવાર્તાનો લાભ આપી શકે." પછી હરિભક્તોએ સ્વામીના આશીર્વાદથી જગાવાળાના ચોરા પાસે સ્વામીવાળી શેરી કહેવાય ત્યાં જગ્યા લઈ હરિમંદિરનો પ્રારંભ કર્યો. સ્વામીના આશીર્વાદ અને સહકારથી મંદિર તૈયાર થયુ અને મૂર્તિ પધરાવવામાં આવી. મંદિર તૈયાર થતા સંતો રોકાવા લાગ્યા. મંદિરમાં રોકાતા સંતોને ન્હાવા–ધોવા દૂર નદીએ જવું પડતું. નદીએ જવા માટે સાકડી શેરી હતી અને મંદિરની આજુબાજુ મુસ્લિમ પરિવારનું રહેણાક હતું. તેથી ઘણા અણસમજૂ લોકો સંતોને આવતા જતાં પરેશાન કરતા. સંતોની આ મુશ્કેલીનું નિવારણ થાય તે માટે સત્સંગીઓએ મંદિરમાં કુવો ગાળ્યો, પરંતું પાણી ન થયુ. સત્સંગીઓએ પોતાની મુંઝવણ સ્વામીશ્રીને કહી. આથી સ્વામીએ આશીર્વાદ આપ્યા કે "પાણી થશે." પછી બે દિવસ કુવો ગળવાનું ચાલુ રાખતા કુવામાં પાણી થયું." આમ જેતપુરમાં સ્વામીશ્રીએ સર્વ પ્રથમ મંદિર તૈયાર કર્યુ અને ધીમે ધીમે સત્સંગની વૃદ્ધિ થવા લાગી.



શ્રી હરિકૃષ્ણ મહારાજ
જેતપુર

# ગાદીસ્થાનની પ્રસાદીની જગ્યા પ્રાપ્ત કરનાર

## પ.પૂ. સદ્. શ્રી બાલમુકુંદદાસજી સ્વામી




શ્રી સ્વામિનારાયણ ભગવાન
જેતપુર

મૂ.અ.મૂ. સદ્. શ્રીગુણાતીતાનંદ સ્વામીએ ગાદીસ્થાનની જગ્યા લેવાના જે પ્રયત્નો કરેલા તે જ પ્રયત્નોને બાલમુકુંદદાસજી સ્વામીએ ચાલુ રાખેલા. એકવાર આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ સોરઠમાં વિચરણ કરતા જેતપુર આવ્યા. સ્વામીશ્રી પણ મહારાજશ્રીની સાથે હતા. આથી આચાર્ય મહારાજે તેમને પ્રસાદીની જગ્યા લઈ લેવા અને જરૂર પડે તો સહકાર આપવાની વાત કરી. સ્વામીશ્રીએ કહ્યુ : "મહારાજશ્રી ! તે માટે અમે પ્રયત્નો ચાલુ જ રાખ્યા છે. આથી આચાર્ય મહારાજે કહ્યુ : "સ્વામી ! તે પ્રયત્નો ચાલુ રાખજો, જરૂર મહારાજ સહાય કરશે."

સ્વામીશ્રીએ વણથાકયા આ પ્રયાસ ચાલુ રાખ્યા હતા. આ જગ્યા મેળવવાનું કાર્ય આકડિયાના શ્રદ્ધાવાન અને વિશ્વાસુ ભકત પિંતાબરભાઈ રૂગનાથભાઈને સોપ્યુ હતું. તેમણે સ્વામીના વચનથી અનેક ધક્કા ખાઈને આ પ્રયત્નો ચાલુ જ રાખેલા, વારંવાર આવજા કરવી, પત્ર વ્યવહાર કરવો તેમાં લેશ શ્રદ્ધા મોળવી પડવા દેતા નહિ. અથાક્ પરિશ્રમને અંતે સં. ૧૯૬૭નાં ફાગણ સુદ ૬ (તા.૨૦–૩–૧૯૧૧)ને સોમવારના દિવસે જગ્યા મેળવવામાં આવી.

પછી ભાણા કાપડિયાના મકાનની બાજૂમાં દરબાર ઉન્નડબાપુના બે મકાનો હતા, તે પણ મંદિર માટે વેચાથી લઈ લીધા. તેમાં સર્વ પ્રથમ અનાજ રાખવાનો કોઠાર કર્યો હતો. પછી શ્રીજી મહારાજના ગાદીસ્થાન જગ્યા પર સ્વામીએ છત્રી બનાવવાનું નક્કી કરી તેના પાયા ગાળી પ્લીંથ સુધી ચણતર કામ પૂર્ણ કરાવ્યુ. તે વખતે શેઠ લક્ષ્મણદાસે સ્વામીને વિનંતી કરી કે, "સ્વામી ! શ્રીજી મહારાજના ગાદીસ્થાનમાં છત્રી નહિ, પરંતુ શિખરબદ્ધ મંદિર હોવું જોઈએ. મંદિર બનાવવા જે ખર્ચ થાય તે હું આપીશ." પછી સ્વામીશ્રીએ તેમને સાથે લઈ વડતાલ આવ્યા. ત્યાં આચાર્ય મહારાજને વાત કરી તો મહારાજશ્રી રાજી થયા અને સંમતિ આપી. પછી સ્વામીએ ભાણા કાપડિયાના ગાદીસ્થાન સિવાયના અન્ય ઓરડા હતા તે વેચાથી લઈ ત્યાં ચાર ઓરડા કરાવ્યા. પ્રસાદીની જગ્યા પર પ્રદિક્ષિણા થઈ શકે તેવું એક શિખરનું ઘુમટ વાળુ મંદિર માત્ર ત્રણ વર્ષના ટૂંકા ગાળામાં તૈયાર કર્યુ. પછી ચિત્ર પ્રતિમા મૂર્તિ તૈયાર કરાવી મૂર્તિ પ્રતિષ્ઠાનું આયોજન કરવામાં આવ્યુ. આચાર્ય મહારાજશ્રી વડતાલથી ૨૦૦ માણસોનો સંઘ લઈને જેતપુર આવ્યા. મહારાજશ્રીની વિજય અસવારી કાઢવામાં આવી. જેમાં ધોરાજી દરવાજા પાસે આવતા તે દરવાજો ઊંચાઈમાં ટુકો હોવાથી અંબાડી સહિત હાથી નીકળે એમ ન હતો. તેથી અંબાડી નીચે ઉતારવી પડે તેમ હતી, પરંતું સ્વામીએ કહ્યુ : "આચાર્યની અંબાડી નીચે ઉતરે નહિ, માટે અસવારી આગળ ચલાવો." શ્રીજી મહારાજની ઈચ્છાથી અને સ્વામીના સંકલ્પથી આશ્ચર્યની વાત એવી બની કે હાથી ગોઠણભર ચાલીને દરવાજામાંથી નીકળી ગયો. વિજય સવારી મંદિરે આવી. ત્યાં મંદિરમાં આચાર્ય મહારાજશ્રીએ મૂર્તિ પ્રતિષ્ઠા કરી. સ્વામીએ તે જ વર્ષમાં ઠાકોરજીનું સોનાનું સિંહાસન તૈયાર કરાવીને આસો વદ ૩ ના રોજ સ્વામીશ્રીએ ફીટ કરાવ્યુ હતુ.



પ.પૂ. સદ્. શ્રી બાલમુકુંદદાસજી સ્વામી

# મહાપૂજા

સર્વાવતારી ભગવાન શ્રી સહજાનંદ સ્વામી ગુરૂવર્ય શ્રી રામાનંદ સ્વામીની આજ્ઞાથી અનંત આત્માઓના આત્યંતિક કલ્યાણાર્થે જેતપુરમાં રાજાધિરાજ થયા, તેમાં પણ સર્વ પ્રથમ વખત સદ્. શ્રી રામાનંદ સ્વામીએ શ્રી હરિનું મહાપૂજન કર્યુ અને આરતી ઉતારી. જેતપુરમાં જ મહારાજનું સર્વપ્રથમ મહાપૂજન થયુ હતું. આ સિવાય રામાનંદ સ્વામીએ કયાંય શ્રી હરિનું મહાપૂજન કર્યુ નથી. આ પ્રસંગ ગાદીસ્થાનમાં કાયમ માટે સ્મરણીય રહે તેવા શુભ ઉમદા હેતુથી પ.પૂ. સદ્. શ્રી બાલમુકુંદદાસજી સ્વામીએ વિચાર્યુ: ''અહિં જો મહાપૂજા જે કરે તેને શ્રીજી મહારાજનો રાજીપારૂપ મહાફળ મળે તેમજ તેના જે કાઈ દુઃખ હોય તે નાશ પામે અને તેના સંકલ્પ સિદ્ધ થાય'' તેવા શુભ હેતુથી જેતપુરમાં મહાપૂજાનું પ્રવર્તન કર્યુ. નાનામાં નાના હરિભક્તો આ મહાપૂજાનો લાભ લઈ શકે તેવી ભાવનાથી સ્વામીશ્રીએ આ મહાપૂજા માટે સવા રૂપિયો રાખ્યો. આ મહાપૂજાથી અને સદ્. શ્રી બાલમુકુંદદાસજી સ્વામીના સંકલ્પથી અનેક ભકતોને લાભ થતા દેખાયા. તેથી તેનો મહિમા દિન–પ્રતિદિન વાતો ગયો.

કવિશ્વર માવદાનજીએ મહાપૂજાના પ્રતાપનું વર્ણન પોતે લખ્યુ છે. કવિશ્રી લખે છે : ''મારો જન્મ સદ્. મહાપુરુષદાસજી સ્વામીના આશીર્વાદથી સં.૧૯૪૮ ભાદરવા સુદ ર ને મંગળવારે થયો . પરંતુ જન્મોત્રી કરનાર જોશીએ મારી ઉંમર ૫૭ વર્ષ, ૬ માસ, અને ૫ દિવસની બતાવી સં.૨૦૦૬ ફાગણ સુદ–૫ બુધવારે મયાને વ્રણપીડાથી દેહ પડશે તેવું લખ્યુ. આથી સં.૨૦૦૬ના મહા માસમાં ડાબે હાથે વ્રણની પીડા શરૂ થઈ, હાથ ફાટી જાય એવો મોટો સોજો આવી ગયો, આથી મે જેતપુર સદ્. શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામીને પત્ર લખ્યો. તેમાં તેમણે આશીર્વાદ આપતા લખ્યુ કે તમે દર સુદ ર ના રોજ જેતપુર મહાપૂજા કરાવો. શ્રીજી મહારાજ તમને સારૂ કરી દેશે. પછી મહાપૂજા લખાવી અને ધીમે ધીમે હાથની પીડા મટી ગઈ''. તેઓ હયાત હતા ત્યારે તેમણે લખ્યુ કે દસ વર્ષ થયા હજુ કોઈ રોગ થયો નથી. પછી તેઓ ઘણુ જીવ્યા. આમ મહાપૂજા અને સંતના પ્રતાપથી રોગ અને ભવરોગ બને ગયો.

આમ મહાપૂજાના પ્રતાપથી આજે પણ ઘણા ભકતોના ભાવ અને મનોરથ પૂર્ણ થાય છે. સ્વામીશ્રીએ પ્રવર્તાવેલી આ મહાપૂજાનો જે સવા રૂપિયો રાખ્યો હતો તેમાં કોઈપણ પ્રકારનો ઉમરો કર્યા સિવાય તેટલી રકમ સવા રૂપિયો આજે પણ આટલી મોંઘવારી હોવા છતાં રાખેલ છે. જે મંદિરના ટ્રસ્ટીઓ અને વહીવટ કર્તાની વિશાળતા અને ઉદારભાવના છે.





## પ.પૂ.સદ્.શ્રી કેશવદાસજી સ્વામી


પ.પૂ.સદ્. શ્રી કેશવચરણદાસજી સ્વામી પ.પૂ.સદ્. શ્રી બાલકમુકુંદદાસજી સ્વામીના શિષ્ય હતા. તેમણે સં.૧૯૩૭માં આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ પાસેથી દીક્ષા લીધી અને કેશવચરણદાસજી સ્વામી બન્યા. ગુરુ સાથે રહી સ્વામીએ નિર્માનીતા, ધીરજતા, ત્યાગ, વૈરાગ્યમય જીવન બનાવ્યુ હતું. વિષયથી નિર્લેપ વર્તી ભજન કરવું એવું તાન તેમને હતું. તેઓ વહીવટમાં પણ ખૂબ જ કુશળ હતા. આથી સ્વામી વહીવટી બાબતમાં પણ તેમને સાથે રાખતા. સ્વામીશ્રી પણ ગુરૂની અનુવૃત્તિમાં રહી વહીવટી સેવા કરતા.

શ્રીજી મહારાજના ગાદીસ્થાન જેતપુરમાં એક શિખરનું મંદિર તૈયાર થયું. તેમાં દસબાર માણસો રહે તેટલી મંદિરમાં જગ્યા હતી નહિ, વળી સવાર–સાંજ ભાદર નદીએ સ્નાન કરવું જવું પડતું. નદીએ જવા માટે પણ સાંકડો રસ્તો હતો. તેમાં સામે સ્ત્રી મળે તો અડી જવાનો ભય રહેતો. મંદિરની આસપાસ મુસ્લિમ વિસ્તાર હોય તો ઘણા અણસમજુ મુસ્લિમભાઈઓ સંતોને ખોટી રીતે હેરાન કરતા. આવી પરિસ્થિતિમાં મંદિરમાં રહી મુશ્કેલીઓ વેઠી ધીરજ રાખીને રહેવાનું હતું. આ તમામ બાબતોનો ખ્યાલ રાખી સદ્. બાલમુકુંદદાસજી સ્વામીએ પોતાના શિષ્ય કેશવચરણદાસજી સ્વામીને સંવત ૧૯૭૨માં મંદિરના મહંત તરીકે નિમણૂક કરી. તેમાં સ્વામીએ ખુબ જ ધીરજ રાખી અનેક મુશ્કેલીઓ વેઠી દેવની સેવા કરી અને મંદિરનો વિકાસ કર્યો. સ્વામી જ્યારે માંદા પડયા ત્યારે ૩૦૦ વચનામૃતની પારાયણો સાંભળી હતી. સં. ૧૯૯૧ કારતક સુદ ૧૩ના દિવસે પંચભૂતના દેહનો ત્યાગ કરીને અક્ષરધામમાં ગયા.

## પ.પૂ.શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામી


પ.પૂ.સદ્. શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામી પ.પૂ.સદ્. શ્રી બાલમુકુંદદાસજી સ્વામીના શિષ્ય હતા. ગુરૂવર્યની આજ્ઞા પ્રમાણે વર્તી સાધુતાના ગુણો પ્રાપ્ત કર્યા હતા. સ્વામીશ્રીને કથા કરવાનું અંગ હતું. તેઓ રમુજી દ્રષ્ટાંતો આપી શ્રીજી મહારાજના સિદ્ધાંતો તથા મહિમાની ખુબ જ બળભરી વાતો કરતા. ગુરૂવર્યની આજ્ઞાથી તેઓ ગામડાઓમાં વિચરણ કરતા અને જેતપુર મંદિરમાં રહીને સેવા કરતા.

સ્વામીશ્રીના મંડળમાં ઘણા સંતો હતા. તેમાં પણ પ.પૂ.સદ્. શ્રી હરિજીવનદાસજી સ્વામી ગુરૂની સાથે જેતપુર રહેતા અને ખુબ જ શ્રદ્ધાભાવથી સેવા કરતા. આથી બધા સંતોને વ્હાલા હતા. મંદિરના કોઠારી પદે રહેલા પ.પૂ.કો. શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામીને આ સાધુ પ્રત્યે ખુબ જ હેત હતું. આથી એકવાર પુરાણી સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામી પાસે કોઠારી સ્વામીએ પોતાના આજ્ઞાપાલક વ્હાલા શિષ્યને કાયમ ગાદીસ્થાનની સેવામાં અર્પણ કરી દેવા માંગણી કરી. આથી દયાળુ સ્વામીએ તેમને કોઠારી સ્વામીની સાથે રહી તેમની અનુવૃત્તિમાં રહી સેવા કરવા આજ્ઞા કરી. આવા નિઃસ્પૃહિ અને દયાળુ સંત પૂ. હરિસ્વરૂપદાસજી સ્વામી હતા.





શ્રી ઘનશ્યામ મહારાજ-જેતપુર





શ્રી હરિકૃષ્ણ મહારાજ

## પ.પૂ.સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામી

પૂર્વાશ્રમથી જ સત્સંગના રંગેરંગાયેલા હતા. બગસરામાં તેમને ગુણાતીતાનંદ સ્વામીના દર્શન થયા હતા. તેમણે ૪૦ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરી સદ્. શ્રી બાલમુકુંદદાસજી સ્વામીની નિશ્રા સ્વીકારી સાધુ દીક્ષા લઈ નિર્ગુણદાસજી સ્વામી નામ પાડયુ હતું.
સ્વામીની અનુવૃત્તિમાં રહીને સ્વામીને રાજી કર્યા હતા.

સ્વામી ગુરુની આજ્ઞાથી સદ્. શ્રી કેશવચરણદાસજી સ્વામીની સાથે જેતપુરમાં રહ્યા હતા. તીર્થયાત્રા કરવા આવતા તથા દર્શનાર્થી ભકતોને કથા સંભળાવી રાજી કરતા અને યોગ્યતા મુજબ સેવા કરાવતા. મેંગણીના દરબાર અર્જુનસિંહબાપુ સ્વામીનો સમાગમ કરતા. બાપુએ મંદિરમાં ઘણી આર્થિક સેવા પણ કરી છે. સ્વામી સં. ૧૯૯૮ માગશર વદ ૪ના દિવસે અક્ષરવાસ થયા.



## પ.પૂ.સદ્. શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી

પ.પૂ.સદ્. શ્રી કેશવચરણદાસજી સ્વામીને ગુરૂવર્ય સ્વીકારી સં. ૧૯૬૯માં પ્રબોધિની એકાદશીના શુભ દિને શ્રીપતિપ્રસાદજી મહારાજ પાસેથી દીક્ષા લઈ સાધુ થયા અને હરિકૃષ્ણદાસજી સ્વામી નામ ધારણ કર્યું. તેમણે જીવન પર્યંત ગુરૂની અનુવૃત્તિમાં રહી સેવા કરીને સાધુતાના ગુણ પ્રાપ્ત કર્યા. સ્વામી તેમના પર રાજી થઈ સં. ૧૯૮૬માં કોઠારી પદે નિયુકિત કરી હતી. કોઠારી પદે રહ્યા છતાં સ્વામી મોડી રાત્રિ સુધી ભજન કરતા, જે હરિભક્તોએ મહાપૂજા લખાવેલ હોય તેમને આશીર્વાદ પત્રો લખતા. તેમની સાધુતાથી હરિભક્તોને સ્વામીમાં સત્સંગનું આકર્ષણ અને દિવ્યતા રહેતી. સ્વામી વચનસિદ્ધ પુરુષ હોય તેમના સંકલ્પમાત્રથી હરિભક્તોના દુઃખ નાશ થતાં.

સ્વામીએ કોઠારી પદે રહી સાત શિખરનું ભવ્યમંદિર બંધાવ્યુ. હરિભક્તોના ઉતારા અને નૂતન વિશાળ સભામંડપનું નિર્માણ કર્યું. સોનાના બારણા કરાવ્યા હતા.

અક્ષરવાસ : જેતપુરમાં સંવત ૨૦૧૬ ફાગણ સુદ ૬ ના દિવસે દિવ્યતનું ધારી અક્ષરધામમાં સિધાવ્યા.






## પ.પૂ.કો. શ્રી નારાયણવલ્લભદાસજી સ્વામી

પ.પૂ. કો. શ્રી નારાયણવલ્લભદાસજી સ્વામીએ પ.પૂ.કો. શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામીને ગુરુ સ્વીકારી સાધુતા પ્રાપ્ત કરી અને સ્વામીની અનુવૃત્તિમાં રહી દેવપૂજાની સાથો સાથ અન્ય સેવાઓ સંભાળતા. તેઓ મિતભાષી હતા. ગુરુવર્યના અક્ષરવાસ બાદ સ્વામીશ્રી ગાદીસ્થાનના કોઠારી પદે આવ્યા હતા. તેમણે વારિગૃહ અને ભંડારનુ નિર્માણ કર્યુ હતું. સં. ૨૦૩૩ના વૈશાખ માસમાં અક્ષર નિવાસી થયા.

## પ.પૂ.કો. શ્રી હરિજીવનદાસજી સ્વામી



પ.પૂ.સદ્. શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામીને ગુરૂ સ્વીકારી ને સં. ૧૯૮૯માં જળજીલણીના પવિત્ર દિવસે ગઢપુરમાં આચાર્યશ્રી આનંદપ્રસાદજી મહારાજ પાસેથી દીક્ષા લઈ હરિજીવનદાસજી સ્વામી નામ ધારણ કર્યુ. ગુરુની સાથે ગામડાઓ ફરી અને ગાદીસ્થાનમાં રહી ભજન કરતા. તેમની સાધુતા, સેવા, ત્યાગ ઉદારતા અને ભજન અજોડ હતા. ગુરુની આજ્ઞાથી પ.પૂ.કો. શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામીની નિશ્રા સ્વીકારી તેમની સાથે રહ્યા અને ગાદીસ્થાનની સેવા કરી. સં. ૨૦૩૩માં કોઠારીપદે આવ્યા. તેમનો ઓટલો અને રોટલો વખણાતો. દીન દુઃખીયાના દુઃખ ટાળવા પાછી પાની ન કરતા. સ્વામીશ્રીનું જીવન નિસ્પૃહિ–વૈરાગ્યમય હતું. આત્મનિષ્ઠા અને શ્રીજી મહારાજના બળના પ્રતાપે જીવનમાં સં. ૨૦૪૪ શ્રાવણ સુદ ૯ ના દિવસે શ્રી હરિના પ્યારા અક્ષરમુક્ત બની અક્ષરધામ સિધાવ્યા.



## પ.પૂ.શ્રી હરિદાસજી સ્વામી

પ.પૂ.સદ્. શ્રી કૃષ્ણચરણદાસજી સ્વામીનું શિષ્યત્વ સ્વીકારીને ગુરૂનો રાજીપો પ્રાપ્ત કર્યો. પછી સમય જતા જેતપુર મંદિરમાં રહી સેવા કરતા. શ્રીજી મહારાજની નાનામાં નાની આજ્ઞા પણ લોપતા નહિ. નિસ્પૃહપણે વર્તી અખંડ ભજન કરતા.

## વિદ્યમાન કોઠારીશ્રી પ.પૂ.સદ્.શ્રી નિલકંઠચરણદાસજી સ્વામી



પૂ. સ્વામીશ્રીએ પ.પૂ. સદ્. શ્રી હરિજીવનદાસજી સ્વામીનું શિષ્યત્વ સ્વીકારી ૧૦ વર્ષ સુધી ગાદીસ્થાન તીર્થધામ જેતપુરમાં રહીને ગુરૂવર્યની અનુવૃત્તિમાં રહીને સેવા કરી. આ સમય દરમિયાન મંદિરના ૫૦ વર્ષ થતાં સં. ૨૦૪૫માં સુવર્ણ મહોત્સવ પૂ. સ્વામીશ્રીની દેખરેખ અને માર્ગદર્શન મુજબ ભવ્ય રીતે ઉજવાયો હતો. આ મહોત્સવની મહેક સારાય સંપ્રદાય ફેલાય હતી. ત્યારબાદ સુરતવાસી ભક્તજનોની વિનંતી અને આગ્રહથી સુરત પધાર્યા. ત્યાં આધ્યાત્મિકતાનું સદાવ્રત સમાન શ્રી સ્વામિનારાયણ મંદિર કલાકુંજ અને શૈક્ષણિક સંકુલની સ્થાપના કરી. મુકતરાજ ભીખાભાઈ ભગતજીએ સોપેલા ભગતજી પરિવારના વડદલા આદિક ગામડાઓમાં સત્સંગનો બહોળો વિકાસ કર્યો. વડતાલ મંદિરના મુખ્ય કોઠારી પદે રહી વડતાલ ધામનો સર્વાંગી વિકાસ પણ કરી રહ્યા છે.


શ્રીહરિની ઈચ્છા અને કૃપાથી ફરી જેતપુર મંદિરના કોઠારીપદે આવ્યા. સેવાના મૂલ્યને વધાવીને ગાદીસ્થાન તીર્થધામ જેતપુરના વિકાસના કાર્યોનો શાનદાર પ્રારંભ પણ કરી દીધો. તેમાં પણ આ વર્ષમાં આવતા અમૃત મહોત્સવની ઉજવણી તેમના ભાગ્યમાં આવી. પૂ. સ્વામીશ્રીના સંકલ્પથી આ મહોત્સવની ભવ્યતામય અને દિવ્યતામય ઉજવણી થશે.

## ગાદીસ્થાનમાં સેવા આપનાર સંતો

શ્રી સ્વામિનારાયણ ગાદીસ્થાન તીર્થધામ જેતપુરમાં પ.પૂ.કો. શ્રી વાસુદેવચરણદાસજી સ્વામી, પ.પૂ.કો. શ્રી ધર્મચરણદાસજી સ્વામી, પ.પૂ.કો. શ્રી ઘનશ્યામચરણદાસજી સ્વામી, પ.પૂ.કો. શ્રી હરિવલ્લભદાસજી સ્વામી, પ.પૂ.કો. શ્રી દેવપ્રસાદદાસજી સ્વામી તથા પ.પૂ.કો. શ્રી ભકિતસંભવદાસજી સ્વામી વિગેરે સંતોએ પણ કોઠારી પદે રહી સેવા આપેલ છે.

# ગાદીસ્થાન જેતપુરમાં પ્રસાદીની વસ્તુઓ





શ્રીજી મહારાજના ઉપયોગમાં આવેલી વિવિધ પ્રકારની વસ્તુઓને મહિમાવંત સંતો અને ભક્તોએ દિવ્યરૂપ માનીને જતન કરીને સાચવતા આવ્યા છે. આજે આપણા સંપ્રદાયમાં આ વસ્તુઓના દર્શન થાય છે. શ્રી સ્વામિનારાયણ ગાદીસ્થાન જેતપુરમાં પણ શ્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુઓના દર્શન ગાદીસ્થાનના સામેના ખંડમાં મૂકવામાં આવી છે. તીર્થયાત્રાએ આવતા યાત્રાળુઓને આ દર્શન સહેજે થાય છે.

શ્રીજી મહારાજે ભાણા કાપડિયાને ઘેર ઘોડી ઉપર બેસીને રોટલો અને દહીં જમ્યા હતા. તે દહીં જે પાટીયામાં આપવામાં આવ્યુ હતું. તે પ્રસાદીના પાટીયાનું દર્શન પણ હાલમાં જેતપુર મંદિરમાં દર્શન થાય છે જે અહિં ચાખડીની બાજુમાં મૂકવામાં આવ્યો છે.



સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણે અનંત આત્માઓના કલ્યાણાર્થે જ્યારે ગાદી ઉપર બેસી રાજાધિરાજ રૂપે થયા ત્યારે ભગવાન ઉપર જે છત્ર રાખવામાં આવેલ અને સૂર્ય–ચંદ્રરૂપ અબદાગીરી બન્ને બાજૂ રાખી ભક્તજનો ઊભા હતા તે પ્રસાદીનું છત્ર અને અબદાગીરીના દર્શન.

શ્રીજી મહારાજની ચાખડીઓ, માળા ચરણાર્વિંદ વિગેરે વસ્તુઓના પણ દર્શન થાય છે.



